ज्ञानं संछिन्न संशयम्। ❖ માસિક ❖ જ્ઞાનથી સંશય નાશ પામે છે.

❑ પ્રારંભ : માર્ચ ૧૯૬૯ આપણું અને આપણા પરિવારનું સાથી

# પગથાર

❑ વર્ષ : ૪૯ ❑ નવેમ્બર - ૨૦૧૭ ❑ અંક : ૪૪૫

● તંત્રી : શ્રી વિજયભાઈ અમૃતલાલ વ્યાસ ● સંપાદક : શ્રી અશોકભાઇ ર. જોષી

શ્રી સર્જન યુવક સંઘઃ પેટ્રન - આધારસ્તંભ : રૂા.૫૦૧ કે તેથી વધુ ❖ પગથારઃ વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- ❖ કિંમત : રૂા. ૫/-

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

Website : www.pagthar.wordpress.com E-mail : pagthar@yahoo.com or sarjan.pagthar@rediffmail.com

## પ્રભાતનું પુષ્પ

અમારી ફૂલવાડીમાં તમારે પ્રવેશ કરવો નથી અને બહાર ઊભા રહીને એના માળી હોવાનો દાવો કરવો છે. કાંટાઓનો તમને ડર લાગે છે અને ગુલાબ ચૂંટવા છે એવી અભિલાષાઓ સેવવી છે.

મંદિરનું એક પગથિયું ચડવું નથી અને ચોટ પર બિરાજેલી મૂર્તિના દર્શન પામીને ધન્ય થવું છે એવી તમારી ઈચ્છા છે.

ક્ષમા કરજો, પણ મારે સત્ય જણાવી દેવું જોઇએ કે જીવનભર તમે જ્યાં ઊભા છો ત્યાં જ ઊભા રહેશો અને આજે જે જુવાનીનું તેજ તમારા ચહેરા પર દેખાય છે ત્યાં થોડા વખતમાં જ જરાના પડછાયા છવાઈ જશે.

જાણો છો ? જુવાની એની જ ટકી રહે છે. જેનામાં આગળ વધવાની સદા તમન્ના રહે છે.

**- વજુ કોટક ('ચિત્રલેખા'ના સૌજન્યથી)**

## સીનીયરનું સ્વરાજ

સીનીયર સીટીઝન હોવું એ એક એવો વૈભવ છે, જે ઘણું ખરું વેડફાઇ જાય છે. વૈભવ શેનો ? જીવનમાં બે બાબતો ઓછી પડે ત્યારે માણસનું ખરું સુખ નંદવાય છેઃ સમય અને અવકાશ. સીનીયર સીટીઝન પાસે મબલખ સમય હોય છે અને અઢળક અવકાશ હોય છે. સમય અને અવકાશના આવા બેવડા વૈભવને લોકો મોકળાશ કહે છે. મોકળાશનો માલીક દુખી શી રીતે હોઇ શકે ? એ દુખી હોય છે, કારણ કે મોકળાશનું શું કરવું તેની ખબર એને નથી હોતી. મોકળાશ જેવી જણસને વેડફી મારવી એ ઘણાખરા વૃદ્ધોને વળગેલો માનસીક રોગ છે. મોકળાશમાં યોગની શક્યતા પડેલી છે. યોગને બદલે રોગ ગોઠવાઇ જાય તે માટે જવાબદાર કોણ ? સીનીયર સીટીઝન પોતે !

ઘણાખરા સીનીયર સીટીઝનોને ગ્રહદશા નહીં આગ્રહદશા નડતી હોય છે. શંકરાચાર્ય કહી ગયા કે બુદ્ધી ખીલે તેનું નામ અનાગ્રહ છે. સીનીયર સીટીઝનના કેટલાક આગ્રહો નવી પેઢીને પજવનારા હોય છે. જેમ ઉંમર વધે તેમ આગ્રહો પણ ઉંમરલાયક બનીને થીજી જાય છે. આગ્રહ પોતાને માટે ભલે રહ્યો ! પોતાના આગ્રહો બીજા પર લાદે તે મુર્ખ છે. મુર્ખતા પણ ખાસ્સી સીનીયર હોઇ શકે છે. દીકરાવહુને પોતાનો અભિપ્રાય એકવાર આપી દીધા પછીનું મૌન દિવ્ય હોય છે. સામેવાળી વ્યકિત ગમે તેટલી નાની ઉંમરની હોય તોય તેને વણમાગી સલાહ ન આપવામાં વૃદ્ધત્વની અનેરી શોભા પ્રગટ થાય છે. જે વયોવૃદ્ધ સીટીઝન મફત સલાહ કેન્દ્રનો માલીક હોય તે દુખી થવા સર્જાયેલો જીવ છે. ભગવાન પણ તેને સુખી ન કરી શકે.

માણસને મળતી મોકળાશ ગાભણી હોય છે. ઉત્તમ Card Company, નાટકો, શીલ્પો, ચિત્રો, ફિલ્મો, ગીતો અને કલાકૃતીઓ માનવજાતને મળ્યાં તે માટે સર્જકોને પ્રાપ્ત થયેલી મોકળાશનો ફાળો મહત્વનો રહ્યો છે. કવી વોલ્ટ વ્હીટ્મન પોતાને ભવ્ય આળસુ (મેગ્નીફીસંટ આઇડ્લર) તરીકે ગૌરવભેર ઓળખાવતો. નોબેલ પારીતોષિક વિજેતા કવી પાબ્લો નેરુદા પોતાનાં સંસ્મરણો પર લખેલા પુસ્તકમાં નવરાશનો મહિમા કરે છે અને ત્યાં સુધી કહે છે કે સમય વેડફવા જેવી સુંદર બીજી કોઇ ચીજ નથી. અહીં સમય વેડફવાની વાત સાથે મોકળાશનું સૌંદર્ય કેન્દ્રમાં રહેલું છે. એ મીજાજ એટલે સ્વરાજનો મીજાજ. સ્વરાજનો મીજાજ એટલે શું ? હવે હું કોઇને જવાબ આપવા બંધાયેલો નથી; એવી દાદાગીરીમાં દાદાની ખરી શોભા પ્રગટ થાય છે. સ્વતંત્ર હોવું એટલે જ પોતાની મરજીના માલિક હોવું. મરજીની ગુણવત્તા એટલે જ જીવનની ગુણવત્તા. માણસે પોતાની મરજીને માંજી માંજીને્ શુદ્ધ કરવી રહી. મરજીના માલિકને, માલિકની મરજી પર શ્રદ્ધા હોવી જોઇએ. સીનીયર સીટીઝનના સ્વરાજનું આ રહસ્ય છે.

જે વડીલોને સાહિત્ય, સંગીત, સત્સંગ, સમાજસેવા, પ્રવાસ કે પ્રેમ જેવી બાબતોમાંથી કોઇ એક સાથે પણ નિસ્બત ન હોય તેમણે દુખી થવાની પુરી તૈયારી કરી લીધી છે એમ કહી શકાય. નવરાશ એટલે કર્મશુન્યતા નહીં, પણ મનગમતા કર્મની સમૃદ્ધી. વડીલોએ વારંવાર પોતાની જાતને પુછવા જેવો પ્રશ્ન છે, મારો માહ્યલો શેમાં રાજી ? જે કર્મ કરતી વખતે હેત અને હરખનો અનુભવ થાય તે કર્મ કરવું અને બીજું ફાલતું કર્મ ટાળવું એ તો પાછલી ઉંમરનો વિશેષાધીકાર ગણાય. જે વડીલ કોઇના કામમાં ટકટક ન કરે તે વડીલ પોતાના કામમાં બીજાની ટકટક નહીં સહન કરવાનો અધિકાર પ્રાપ્ત કરે છે. આ દુનિયા આપણી કલ્પના પ્રમાણે ચાલે એવી ઇચ્છા રાખવી એ પણ એક પ્રકારની નાસ્તીકતા ગણાય. સમગ્ર જીવન કેવળ પૈસા એકઠા કરવામાં જ વીતી ગયું હોય,તો પાછલી ઉંમરે દુખનું ડીવીડંડ મૃત્યુ સુધી મળતું જ રહે છે. નોકરી છુટી જાય પછી જે ખાલી થેલી જેવા

બની જાય, તેઓ નોકરી ચાલુ હતી ત્યારે પણ ખાલીખમ જ હતા! એમને એ વાતની ખબર ત્યારે ન હતી, તે જુદી વાત છે.

સીનીયર સીટીઝનના સુખનો ખરો આધાર પગ ઉપર રહેલો છે. આપણે ત્યાં જે માણસ કમાણી કરતો હોય તેને માટે કહેવામાં આવે છે કે એ પોતાના પગ પર ઊભો છે. જેના પગ સાબુત તેનું ચાલવાનું સાબુત! જે ચાલવાનું રાખે તેને કકડીને ભુખ લાગે. કકડીને લાગતી ભુખ પછી જે ખવાય, તે અન્ન પચી જાય છે. અન્ન વૈભવનું ખરું રહસ્ય ભુખવૈભવમાં સમાયું છે. જે સીનીયર સીટીઝન રોજ પાંચ કિલોમીટર સ્ફુર્તીથી ચાલે, તેને ભુખવૈભવ સાથે થાકવૈભવ પણ પ્રાપ્ત થાય. થાકવૈભવ પ્રાપ્ત કરનારને ઉંઘવૈભવ પણ આપોઆપ મળે છે. ભુખવૈભવ, થાકવૈભવ, ઉંઘવૈભવ પ્રાપ્ત થાય, તેને સ્ફુર્તીવૈભવ મળી રહે છે.સ્ફુર્તી છે, તો જીવન છે. જીવન છે, તો જીવવાનો આનંદ છે. આનંદનું ઉદ્‌ઘાટન પગના સદ્‌ઉપયોગ થકી થતું હોય છે. એક વડીલ પંચાણું વર્ષે મૃત્યુ પામ્યા ત્યારે દીકરાની વહુ બોલી, પપ્પા સવારે તો ફરવા ગયેલા અને બપોરે એકાએક શાંત થઇ ગયા! મૃત્યુ પામેલા વડીલને આનથી ચડિયાતી અંજલી બીજી શી હોઇ શકે? એને કહેવાય રળિયામણું મૃત્યું!

વડીલોએ કોઇપણ હિસાબે બે કલાક પોતાના ખાસ કલાકો તરીકે અલાયદા રાખવા જોઇએ.. પરિવારના જુનીયર લોકાને તેથી ખાસ રાહત મળતી હોય છે. સીનીયર સીટીઝનને સ્વરાજની જેમ જુનીયર સીટીઝનનું સ્વરાજ પણ વહાલું હોવું જોઇએ. ખાસ કરીને દીકરાની વહુનો આદર જીતી લેવાની કળા ખુબ મહત્વની છે. જે સાસુને માતા બનતાં ન આવડે અને જે સસરાને પિતા બનતાં ન આવડે તેઓ ફુલ્લી નપાસ ગણાય. છુટાં રહેવું સારું, પણ ભેગાં રહીને ઝઘડતાં રહેવું અત્યંત નઠારું! તમે દીકરાની જન્મતિથી યાદ નહીં રાખો તો ચાલશે, પણ પુત્રવધુની વર્ષગાંઠ યાદ રાખીને નવી સાડી ભેટ આપવાનું ચુકી જાઓ તેમાં શાણપણ નથી. જે પરિવારમાં ગૃહલક્ષ્મીનો આદર નથી હોતો, તે ઘરમાંથી સુખ પાછલે બારણેથી ભાગી છુટે છે.

પુજ્ય રવિશંકર મહારાજ વાતવાતમાં કહેતા કે માણસે પાકેલી ખારેકની માફક ખરી પડવાનું છે. સીધી લીટીનો માણસ નાસ્તિક હોય તોય આધ્યાત્મીક જાણવો. આપણે ત્યાં ક્યારેક સો ટચનો સજ્જન મનુષ્ય કોઇ લંપટ સાધુનો ચરણસ્પર્શ કરતો જોવા મળે ત્યારે દુખ થાય છે.

કેટલાક સીનીયર નાગરિકો ભક્તિમાં વેવલા બનીને ગાંડપણ પ્રગટ કરતા રહે છે, એ માટે આવનારા મૃત્યુનો ડર કારણભુત છે. સીનીયર સીટીઝનની ખુમારી ખુટવી ન જોઇએ. ખુમારી ખુટે ત્યારે જ ઘડપણ પ્રવેશે. ઘડપણની ખરી બહેનપણી ખુમારી છે. સીનીયર સીટીઝન હોવાને નાતે ગુજરાતના સૌ સીનીયર સીટીઝન્સને ખાસ વિનંતી છેઃ તમને ટટ્ટાર રાખનારી અખંડ સૌભાગ્યવતી ખુમારી દેવીને જાળવી લેવાનું ચુકશો નહીં.

.... પાઘડીનો વળ છેડે.....

આપણે વૃદ્ધ થઇ ગયાં તેથી હસવાનું ઓછું નથી થયું, પરંતુ આપણે હસવાનું ઓછું થયું, તેથી આપણે વૃદ્ધ થઇ ગયાં!!

## અભિનંદન






### સુશ્રી સર્યુબેન અનીરૂધ્ધભાઇ જપી

સુશ્રી સર્યુબેન અનીરૂધ્ધભાઇ જપી (પ્રેમપુર)ને તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા માતા યશોદા એવોર્ડ એનાયત થયો હતો. આંગણ વાડીમાં કાર્યકર તરીકે શ્રેષ્ઠ સેવા બદલ આ એવોર્ડ સર્યુબેનને આપવામાં આવ્યો છે. આ એવોર્ડ ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણના રાજ્યમંત્રી સુશ્રી નિર્મળાબેન સુ. વાઘવાણીના વરદ હસ્તે આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ ઘટક કક્ષાનો ૨૦૧૫-૨૦૧૬ વર્ષનો આ માતા યશોદા એવોર્ડ છે. આ એવોર્ડ સાથે રૂા. ૨૧૦૦૦/- પણ સર્યુબેનને અપાયા હતા.

### શ્રી પ્રતિક વિનયભાઇ જાની

તાજેતરમાં જાપાનમાં Power ક્ષેત્રમાં વિકાસ અર્થે પ્રદર્શન તથા પરી સંવાદ યોજવામાં આવ્યો હતો. ભારતમાંથી ૨૦૦ કંપનીઓએપોતપોતાની ગુણવત્તા દર્શાવતા મુદ્દાઓનો જાણકારી આપી હતી. આવી ૨૦૦ કંપનીઓમાંથી માત્ર ૧૦ કંપનીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેનો તમામ ખર્ચ જાપાન સરકારે આપ્યો હતો. આવી ૧૦ કંપનીઓમાંથી એક કંપની Yups છે. આ કંપનીમાં સુશ્રી અંજનાબેન તથા શ્રી વિનયભાઇ કાંતીલાલ જાની (દેરોલ) ના સુપુત્ર શ્રી પ્રતિક આ Yupsમાં Director છે.થોડા સમય પહેલાં ઉર્જા મંત્રી શ્રી પિયુષ ગોયેલે પણ પ્રતિકને બોલાવ્યા હતા. પ્રતિક Solar Power ના ઉંડા અભ્યાસી છે.જાપાનમાં World નું Largest નું Technology Exhibition New Invention માટેનું હતું. જેમાં પ્રતિકએ Internet of things & remote monitoring of machine ના વિષય ઉપર પરિસંવાદમાં ભાગ લીધો હતો. આ પ્રદર્શન દરમિયાન જાપાનમાં ભારતના રાજદૂત શ્રી સુજોય ચિનોઇએ પ્રતિકને અભિનંદન આપ્યા હતા. પ્રદર્શન પરિસંવાદમાં ૩૦૦૦ કંપનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી દશ કંપનીને Select કરાઇ અને એમાં પ્રતિકની કંપની Yups ત્રીજા નંબરે હતી. આ Exhibition CEATEC




Japan Tokyo Nikkel Time ન્યુઝપેપરે India Yups કંપનીના સફળ પ્રયાસો માટે બિરદાવી હતી. પ્રતિક અલગારી વ્યક્તિ છે. Marrathon દોડમાં તે ભાગ લે છે અને ક્યારેક ભોમીયા વગર ડુંગરો ખૂંદવા નીકળી પડે છે અને ક્યારેક મહારાષ્ટ્રના ઘણા ગામોમાં Solar દ્વારા વિજળી ના Project પણ બનાવે છે. આ બધી સેવા પ્રતિક મિત્રો સાથે નિશુલ્ક કરે છે. પ્રતિક આપણા સમાજ પરિવારનું ગૌરવ છે.

## બોમ્બે થીયોસોફીકલ ફેડરેશન

બોમ્બે થીયોસોફીકલ ફેડરેશનની ૮૬ મી સભા મુંબઈમાં તા. ૧૩ થી ૧૫.૧૦.૨૦૧૭ દરમ્યાન યોજાઇ હતી. આ ફેડરેશનના પ્રમુખ શ્રી વિનાયકભાઇ રા. પંડયા છે આ સભા દરમ્યાન The Spiritual Life ઉપર પ્રવચન, The Spiritual Out look on Education વિષે વાર્તાલાપ અને The Source of Spiritual Energy ઉપર જાહેર વાર્તાલાપ મુખ્ય અતિથી શ્રી પ્રદીપ ગોહીલ દ્વારા કરાયું હતું Spiritual Life & Education ઉપર પણ તેમણે ચર્ચા સભા યોજી હતી. સીસ્ટર નમીતા બોડાજીના વિદ્યાર્થીઓ દ્વારા ભારત નાટયમ પણ રજુ કરવામાં આવ્યું હતું.

## હોમાત્મક રૂદ્ર યજ્ઞ

અમદાવાદમાં તીર્તભુમિના સોસાયટીમાં હાટકેશ્વર મંદિર છે આ મંદિરનું ટ્રસ્ટ છે જેના પ્રમુખ તરીકે શ્રી અનીરૂધ્ધ વા. જપી (સાચોદર) ની વરણી કરાઇ છે અને તેઓ છેલ્લા અગિયાર વર્ષથી સંચાલન કરે છે તેઓ પ્રતિવર્ષ યજમાનોના પાટલા યજમાન બનાવી પાટોત્સવ ઉજવે છે. આ વખતે હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરાયું હતું. તા.૮.૧૦.૨૦૧૭ ના રોજ રાસેશ્વર મંદિરના પાટોત્સવના ઉત્સવ પ્રસંગે યોજાએલ હોમાત્મક રૂદ્ર યજ્ઞના આચાર્યશ્રી શાસ્ત્રી શૈલેષભાઇ પંકજભાઇ રાવલ, (M.A. આચાર્ય) હતા તેઓ અને અન્ય વિપ્રવૃંદ દ્વારા વેદોક્ત વિધી દ્વારા આ યજ્ઞ સંપન્ન થયો હતો. આ ભવ્યાતિભવ્ય પ્રસંગે મોટી સંખ્યામાં શીવભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને મહાપ્રસાદ સ્વિકાર્યો હતો.

## મોરબીમાં ભાગવત કથા





શ્રી આનંદભાઇ દવે પરિવાર તરફથી મોરબીમાં શ્રીમદ્ ભાગવત કથા તા.૨૨ થી ૨૮-૧૦-૨૦૧૭ દરમિયાન યોજાઇ હતી. આ સપ્તાહમાં શ્રી વિપુલભાઇ શાસ્ત્રીએ પોતાના મધુર સ્વરમાં કથાનું રસપાન કરાવ્યું હતું. કથા દરમિયાન બહોળી સંખ્યામાં ભક્તજનોએ આ કથાને ધ્યાનપૂર્વક કથાશ્રવણ કરી ધન્યતા અનુભવી હતી. આ સપ્તાહ દરમિયાન કપીલ નારાયણ જનમ, નૃસિંહપ્રાગટય જન્મ, વામન જન્મ, શ્રીરાગ જન્મ, શ્રીકૃષણ જન્મ (નંદોત્સવ), કૃષ્ણલીલા, ગોવર્ધનપુજા, છપ્પનભોગ, રાસલીલા, રૂક્ષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર, પરીક્ષિત મોક્ષ વિગેરે ઉત્સવો ધામધુમથી ઉજવાયા હતા. રૂક્ષ્મણીદેવીને ઘોડા પર બેસાડી નગરદર્શન યાત્રા કરાવી મંડપમાં આગમન કરાવ્યું હતું અને સામૈયું કરી મંડપમાં બિરાવ્યા હતા અને તેમનો વિવાહ વિશેષ ધામધુમથી ઉજવાયો હતો. આ કથા અને તેમાંના વિવિધ પ્રસંગોમાંથી આયોજનમાં શ્રી આંનદભાઇ દવે અને તેમના પરિવારે વિશેષ જહેમત ઉઠાવી હતી.

## ઉપવનના પુષ્પ

**સ્વપ્નાને સફળતાની પાંખ - અભિનંદન**

### સુશ્રી ધારા નીરવ ઠાકર



સુશ્રી નીલા તથા શ્રી અજય નિરંજનભાઇ ઠાકર (પ્રેમપુર) ની પુત્રવધુ સુશ્રી ધારા નીરવ ઠાકરએ મુંબઇ યુનીવસીર્ટીની LL.B.ની પરીક્ષા First Classમાં સફળતા પ્રાપ્ત કરી છે. ધારાએ આ પહેલાં C.S.પણ કરેલું છે. ધારા ગૃહલક્ષ્મી તરીકે ગૃહ શોભાવી રહી છે અને તેણે પિયરપક્ષ અને સસરાપક્ષ કુટુંબને ગૌરવ આપ્યું છે.

### કુ. હર્ષીકા ભાવેશ પંડયા



સુશ્રી જાગૃતી તથા શ્રી ભાવેશ રામશંકર પંડયા (કડોલી) ની સુપુત્રી કુ. હર્ષિકાએ મુંબઇ યુનીવર્સીટીની B.Com. પરીક્ષા તાજેતરમાં SGPA 6.92 (Ovar all 84-71%) ગુણાંકથી સફળતા પ્રાપ્ત કરી છે. આ પરીક્ષામાં Financial Accounting & Auditing VIII માં ૯૭% ગુણાંક અને Direct & Indirect Taxes II માં ૯૬% ગુણાંક હર્ષિકાએ મેળવ્યા છે.



તમારી મર્યાદાનો સ્વીકાર કરો-આપણે બધા જ મહાન નથી બની શકતા.

### કુ. અમીતા પૌલ સ્ટોવીટ્સ

સુશ્રી રશ્મિબેન તથા શ્રી અરૂણભાઇ પુરૂષોત્તમદાસ જપી (સાચોદર) ની દોહિત્રી તથા સુશ્રી શ્વેતા તથા પૌલ સ્ટોવીટ્સ USA ની સુપુત્રી ચિ. અમીતાએ તાજેતરમાં Highest Possible Score of 36 in ACT (American College Test)માં મેળવ્યા છે. અમેરિકામાં કોલેજ એડમીશન માટે હાઇસ્કુલ ગ્રેજ્યુએશન માટે પ્રતિવર્ષ આ ACT પરીક્ષા લેવાય છે. બે લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓમાંથી ૨૭૬૦ વિદ્યાર્થીઓઆ ACT પરીક્ષામાં સફળ થયા છે. અમીતાને English, Mathematics, Reading અને Scienceમાં 36 Score પ્રાપ્ત થયા છે. આ એક અનોખી અને અજોડ સિધ્ધી છે.



સ્વ. ગીરજાશંકર રેવાશંકર ભટ્ટ (આગલોડ) કન્યા કેળવણીના ખુબ જુના સમયમાં સ્વપ્નદ્રષ્ટા હતા અને તેમણે કન્યાઓને ઉચ્ચ કેળવણી ત્યારે આપી હતી. કેળવણી તે સમયમાં નહિવત હતી. શ્રી અરૂણકુમાર પી. જપી IIT માં ૧૯૫૮ First માં ઉર્ત્તીણ થયા હતા અને તેઓને ઇંગ્લેંડમાં CSIR મેરીટ સ્કોલરલીપ પ્રાપ્ત થઇ હતી. આ સ્વ ગિરજાશંકર રે. ભટ્ટની Great Grand Daughter અને શ્રી અરૂણકુમાર પી. જપીની Grand Daughter અમીતા છે.

અમીતા શાળામાં માર્ચીંગ બેન્ડમાં અગ્રણી છે અને શાળાના તથા આંતરશાલીય સ્કુલોની સ્પર્ધામાં Flute વગાડે છે. ગ્રાન્ડપેરેન્ટસ, પેરેન્ટસ, Aunts તથા Unclesના પગલે અમીતા પ્રાથમિક શાળાના અભ્યાસમાં અગ્રસર રહી છે. She was also awarded an Academic Achivement President's Award by President Barack Obama, અમિતા ભરતનાટયમમાં Trainning કરે છે અને Indian Cultural Events નૃત્ય માં ભાગ લે છે and also excels in Soccer આંતરશાલેય શાળાઓની વિવિધ હરિફાઇઓમાં પણ તેણે ભાગ લીધો છે અને વિવિધ Prizes તેને મેળવ્યા છે.

Amita Credits her Academic Achivments to her Parents involvement in her School Activities & Academics

### જનકલ્યાણ - સહાય યોજના

શ્રી સર્જન યુવક સંઘ તરફથી છેલ્લા દશેક વર્ષથી પ્રતિવર્ષ દિવાળી પહેલા જરૂરતના કુટુંબોમાં દોઢ-બે માસનું કરિયાણું નિયમીત સમયસર પહોંચાડવામાં આવે છે. આ વર્ષે પણ દિવાળી પહેલાનાં દિવસે જરૂરતના ૧૪ કુટુંબોમાં દોઢ-બે માસનું કરિયાણુ એમના ઘરે પહોંચાડવામાં આવ્યું હતું. આ કરિયાણાના સામાન સાથે મીઠાઇ, સુકોમેવો, મઠીયા, ચોળાફળી, દીપ, તોરણ, તથા રૂા.૩૦૦/- રોકડા અપાયા હતા. દાતાઓના સહયોગ - વિશેષ સહયોગથી આ યોજનામાં સંસ્થા કુલ આશરે રૂા.૫૦૦૦૦/- ના ખર્ચથી આ ફરજ સ્વયં અદા કરી હતા. આ દિવાળી તહેવાર પ્રસંગે જરૂરતના કુટુંબોમાં ઉપયોગી થઇ પડવાની આ જનકલ્યાણ યોજનામાં આ વર્ષે એક સદગૃહસ્થ તરફથી, શ્રી નરેન્દ્રભાઇ વરસાડીયા, Mobelixstech (MGJ), શ્રી સીધ્ધાર્થ શી. ઠાકર તથા સુશ્રી પદમાબેન મહેશભાઇ જોષી તરફથી રોકડ-વસ્તુના સ્વરૂપમાં વિશેષ ફરજ સદા કરાઇ હતી. આ વિતરણ વ્યવસ્થામાં શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટના મંત્રી શ્રી નૈનેશ જયદેવભાઇ પંડયા, અને શ્રી સર્જન યુવક સંઘના કાર્યવાહકો શ્રી જશવંતભાઇ અંબાલાલ જોષી, શ્રી બીપીનભાઇ અંબાલાલ ઉપાધ્યાય,શ્રી જયકાન્તભાઇ મણીલાલ જોષી, શ્રી વિનયભાઇ કાંતીલાલ જાની અને શ્રી અશોકભાઇ ર. જોષી સંકળાયા હતા અને તેઓ સહુ તરફથી આ વિતરણ વ્યવસ્થામાં સંસ્થાને સહયોગ સાંપડયો હતો અને તેથી જ આ આયોજન સફળતાપૂર્વક પાર પાડયું હતું. આ વિતરણ વ્યવસ્થા તા ૧૪ અને તા.૧૫.૧૦.૨૦૧૭ દરમ્યાન યોજાઇ હતી.

### ભોજનદાન

સુશ્રી ચંદ્રીકાબેન ચંદ્રકાન્ત જોષી (આગલોડ) તરફથી સ્વ. સવિતાબેન ડાહ્યાલાલ પંડયા (કડોલી) ના સ્મરણાર્થે શ્રી સર્જન યુવક સંઘને રૂા.૨૫૦/- સાંપડયા હતા જે દાતાની સુચના અનુસાર હિંમતનગર સીવીલ હોસ્પિટલના દર્દીઓને ભોજન આપવા માટે આપવામાં આવ્યા હતા.

### મહિલા ઉત્કર્ષ મંડળ

મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા બહેનોના ગરબા ગંગાબેન જપી સભાગૃહ,બોરીવલી,મુંબઇમાં યોજાયા હતા. તા.૨૯.૯.૨૦૧૭ શુક્રવારના રોજ યોજાયેલ આ ગરબામાં બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રી આર.ડી.જોષી,સુશ્રી હેમલતા નરેન્દ્ર ઉપાધ્યાય, સુશ્રી કંચન ભરત વ્યાસ, શ્રી અતુલ નાનાલાલ જપી, સુશ્રી વર્ષા સંજય ચોકસી તથા સુશ્રી જાગૃતી નાનાલાલ જપી તરફથી ઉપસ્થિત સર્વને અલ્પાહાર આપ્યો હતો. મહિલા ઉત્કર્ષ મંડળના સભ્ય બહેનોને સુશ્રી સ્વાતિ તથા શ્રી રિધ્ધેશ વિનય જાનીના લગ્ન પ્રસંગે સુશ્રી અંજના વિનય જાની તરફથી લ્હાણીભેટ આ ગરબા દરમ્યાન અપાઇ હતી.





**જીવનમાં મુંજવતા દરેક પ્રશ્નોના ઉકેલ માટે**
**તથા**
**સુખશાંતિ અને સમૃધ્ધિ પ્રાપ્તિ માટે સંપર્ક કરજો**
**નવચંડીહવન, શ્રીમદભાગવતકથા, લઘુરૂદ્ર તથા અન્યવિધિ કરવામાં આવશે**
**સંપર્ક**
**સ્વામી પ્રણવાનંદગીરીજી મહારાજ**
B ૩/૧, ગ્રાઉન્ડ ફ્લોર, ખજુરીયા નગર, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ - 400067.
ફોન M. (0) 9920961768, (0) 9820861768
Email : astrology768@gmail.com / swamipranvanandgirijimaharaj.com

# સુગંધનો સાગર

## છઠ્ઠી પુણ્ય તીથીએ અશ્રૃભીની શ્રધ્ધાંજલી



જન્મ:
તા. ૧૮.૦૨.૧૯૫૫

અનંતયાત્રા:
તા. ૧૨.૧૧.૨૦૧૧

## સ્વ. ભરતભાઈ વિઠ્ઠલદાસ પાઠક

(ખેડાવાડા-મુંબઇ -ઘાટકોપર)

વિદાયના છઠ્ઠા વરસે પણ યાદ તમારી વિસરાતી નથી
આમ  જો જવું હતું તમને, અણસાર તો દેવો હતો અમને
મન હજુ માનતું નથી કે ભગવાને આવું કેમ કર્યું ?
જીવને શિવમાં સમાવવા આટલી ઉતાવળ કેમ કરી ?
સજ્જ થઇને રહેત જીવનની કેડી પર, આઘાત સહી લેત અમારા મન પર
એકાએક લઇ વિદાય અમને રડાવી ગયા, સ્નેહ ની અખૂટ ધારા વરસાવી ગયા.

**અમારા પરિવારથી વિદાય લીધેલા જીવને શીવના ચરણમાં સ્થાન મળે તેવી પ્રાર્થના સાથે**
**ભારતીબેન ભરતભાઇ પાઠક**

| | |
|---|---|
| નેહલ પ્રતીકકુમાર ઉપાધ્યાય | પ્રતીકકુમાર હસમુખભાઇ ઉપાધ્યાય |
| રીંકલ ચીરાગકુમાર ત્રિવેદી | ચિરાગકુમાર જીતેન્દ્રભાઇ ત્રિવેદી |
| વીધી દેવેન્દ્રકુમાર દહીબાવકર | દેવેન્દ્રકુમાર પાંડુરંગ દહીબાવકર |
| વંદન ભરતભાઇ પાઠક | યામીની વંદન પાઠક |
| નીલાબેન મધુકરભાઇ પાઠક | ભારતીબેન સનાતનભાઇ પાઠક |
| વીરૂબેન જયપ્રકાશ વ્યાસ | ગીતાબેન મહેન્દ્રભાઇ પંડયા |
| દર્શન મધુકરભાઇ પાઠક | જ્યોતિ દર્શન પાઠક |
| દિપલ પ્રશાંત હીંગે | પ્રશાંત નીવૃત્તિભાઇ હીંગે |

અને

**પાઠક પરિવારના જય શ્રી કૃષ્ણ**
**સાથે સાંઇરામ**

## શ્રી સર્જન યુવક સંઘ,મુંબઈ
## અભિનંદન
**પારિતોષક-શિષ્યવૃતિ શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૬-૨૦૧૭**

૧) ધો.૫માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.મૈત્રી હીના ધમેન્દ્ર વાસુદેવ પંડ્યા** (પ્રેમપુર,ધો.૫, ૯૫.૭૫% ગુણાંક)ને **ચંદ્રિકાબેન અમૃતલાલ વ્યાસ પારિતોષક**

૨) ધો.૬માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.નીધી વૈશાલી મનીષ કિર્તીભાઈ ઉપાધ્યાય** (જામળા, ધો.૬, ૯૭.૫૭% ગુણાંક)ને **સુમીત્રાબેન મણીલાલ જોષી પારિતોષક**

૩) ધો.૭માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.રીદ્ધી દુષ્યંત રમેશભાઈ છોટાલાલ રાવલ** (વજાપુર, ધો.૭, ૯૪.૨૯% ગુણાંક)ને **મણીલાલ જીવતરામ જોષી પારિતોષક**

૪) ધો.૮માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.ખુશીત હર્ષા અનીલ પોપટલાલ ઠાકર** (ઉમેદપુરા, ધો.૮,૮૬.૨૮% ગુણાંક)ને **જયંતિલાલ મગનલાલ જોષી પારિતોષક**

૫) ધો.૯માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.ક્રેશ્મા ડૉ.જય યશવંત અમથાલાલ જોષી** (દેરોલ, ધો.૯,૯૦.૫૭% ગુણાંકને **દીપાલી દેવદત રાવલ પારિતોષક**

૬) ધો.૫ થી ૯માં વિદ્યાર્થીભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.ઉત્સવ ભાવિક અજય નાથાલાલ ઠાકર** (પ્રેમપુર,ધો.૫,૮૮.૩૦% ગુણાંક)ને **જતિન રજનીકાંત પંડ્યા પારિતોષક**

૭) ધો.૫ થી ૯માં વિદ્યાર્થીબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.નીધી વૈશાલી મનીષ કિર્તીભાઈ ઉપાધ્યાય** (જામળા, ધો. ૬, ૯૭.૫૭% ગુણાંક)ને **જતિન રજનીકાંત પંડ્યા પારિતોષક**

૮) S.S.C.(Matriculation,I.C.S.E,C.B.S.C.,ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.રત્નમ રાજેશ્રી ચિંતન બટુકરાય મહેતા** (જામળા-મુંબઈ, **S.S.C.**૯૪.૮૩% ગુણાંક)ને **વાસુદેવ જગન્નાથ જપી પારિતોષક**

૯) **S.S.C.(Matriculation,I.C.S.E., C.B.S.C.**,ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.રૂદ્ર દર્શના જનક કિશારભાઈ જોષી ICSE** ૯૨.૮૩% ગુણાંક)ને **હીરાબેન નાનાલાલ જોષી પારિતોષક**

૧૦) **S.S.C.(Matriculation,I.C.S.E.,C.B.S.C.**,ધો.૧૦)માં વિદ્યાર્થીબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.રત્નમ રાજેશ્રી ચિંતન બટુકરાય મહેતા** (જામળા-મુંબઈ, **S.S.C.** ૯૪.૮૩% ગુણાંક)ને **દીવાળીબેન શોભારામ જોષી પારિતોષક**

૧૧) **S.S.C.( Matriculation, I.C.S.E., C.B.S.C.**,ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં ગણિતમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **કુ. હેલી મીરા મીતેશ જશવંત પંડ્યા** (સંઘપુર,**I.C.S.E.**, ગણિત ૯૫.૦૦% ગુણાંક) (૨) **ચિ. રુદ્ર દર્શના જનક કિશોરભાઇ જોષી** (દેરોલ, **I.C.S.E.**, ગણિત ૯૫.૦૦%) (૩) **ચિ. રત્નમ રાજેશ્રી ચિંતન બટુકરાય મહેતા** (જામળા-મુંબઈ, **S.S.C.**, ગણિત ૯૫.૦૦%) અને (૪) **ચિ. રૂતુજા જયેશ રમણિકલાલ પંડ્યા** (કડોલી,**S.S.C.**,ગણિત ૯૫.૦૦% )ને સંયુક્તપણે**ગુણવંતીબેન નાગરદાસ વખારીયા પારિતોષક**

૧૨) **S.S.C.(Matriculation,I.C.S.E., C.B.S.C.**,ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં ગુજરાતીમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.મેઘા સંજય કિર્તીભાઇ ઉપાધ્યાય** (જામળા, **S.S.C.** ગુજરાતી,૮૯.૦૦% ગુણાંક)ને **કુ. સરોજ અંબાલાલ ઠાકર પારિતોષક**

૧૩) **S.S.C. ( Matriculation, I.C.S.E., C.B.S.C.**,ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં હિંદીમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.રણવીર કોમલ કિરણ દુર્લભરાય શાહ** (પ્રેમપુર-મુંબઇ, **I.C.S.E.** હિન્દી ૯૪.૦૦%) અને(૨)**ચિ.ધ્રુવ રૂપાલી જાગૃત અનંતભાઇ જાની** (દેરોલ,**I.C.S.E.** હીન્દી, ૯૪.૦૦%)ને સંયુક્તપણે **ઉમીયાબેનકપીલદેવ ઠાકર પારિતોષક**

૧૪) **S.S.C.( Matriculation, I.C.S.E., C.B.S.C.**,ધો.૧૦)માં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં અંગ્રેજીમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ. નીસર્ગ અર્ચના મનીષ રમણલાલ રાવલ** (પ્રેમપુર, **S.S.C.** અંગ્રેજી, ૯૩.૦૦% ગુણાંક) ને **કપીલદેવ હરગોવિંદદાસ ઠાકર પારિતોષક**


With Best Compliments From :



ARYANIVAS

RESIDENTAL HOTEL

KALBADEVI ROAD, MUMBAI - 400 002.

PHONE - (022) 2201 1011, 2205 1211, 2206 6679 GRAM : ARYANIVAS, MUMBAI - 2.

૧૫) **S.S.C.(Matriculation, I.C.S.E., C.B.S.C.,ધો.૧૦)માં Science & Technology** વિષયમાં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.હેલી મીરા મીતેશ જશવંત પંડ્યા** (સંઘપુર, I.C.S.E., Science & Tech ૯૪.૦૦% ગુણાંક) અને (૨) **ચિ. રત્નમ રાજેશ્રી ચિંતન બટુકરાય મહેતા** (જામળા-મુંબઈ S.S.C., Science & Tech ૯૪.૦૦% ગુણાંક) ને સંયુક્તપણે **શશીકળાબેન ભાનુશંકર જોષી પારિતોષિક.**

૧૬) **S.S.C.( Matriculation, I.C.S.E.,C.B.S.C.,ધો.૧૦)માં** Social Study સમાજશાસ્ત્ર વિષયમાં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **ચિ.રત્નમ રાજેશ્રી ચિંતન મહેતા** (જામળા-મુંબઈ,S.S.C. Social Study ૯૮.૦૦%ગુણાંક) ને **પદમાબેન ભરતભાઈ જપી પારિતોષિક.**

૧૭) સંસ્કૃતમાં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક-વિશિષ્ટ સ્થાન મેળવનાર **ચિ.રત્નમ રાજેશ્રી ચિંતન મહેતા** (જામળા-મુંબઈ,S.S.C. **સંસ્કૃત,** ૯૮.૦૦% ગુણાંક) ને **પૂર્ણિમાબેન કાન્તીલાલ ઠાકર-મધુબેન પરિમલભાઈ જપી પારિતોષક**

૧૮) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) માં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **કુ. ઉર્મી પુર્વી હીરેન બચુભાઇ પાધ્યા** (જામળા, H.S.C.૯૨.૪૦% ગુણાંક)ને **નાથાલાલ ગણપતરામ ઠાકર પારિતોષક**

૧૯) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) માં વિદ્યાર્થી બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **કુ. ઉર્મી પુર્વી હીરેન બચુભાઇ પાધ્યા** (જામળા, H.S.C.૯૨.૪૦% ગુણાંક)ને **શાંતાબેન મણીલાલ પંડ્યા પારિતોષક**

૨૦) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) ગુજરાત બોર્ડના સાયન્સ (વિજ્ઞાન) પ્રવાહમાં વિદ્યાર્થીભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **શ્રી ધ્રુવ ભારતી અમીત જયંતિલાલ પંડ્યા** (જામળા,H.S.C.ગુજરાત બોર્ડ, સાયન્સ સ્ટ્રીમ, ૭૭.૬૯% ગુણાંક)ને **પ્રેમીલાબેન ડાહ્યાલાલ જોષી પારિતોષક**

૨૧) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) કોમર્સમાં વિદ્યાર્થી ભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **શ્રી વત્સલ શ્વેતા આશીષ રમણિકલાલ પંડ્યા** (કડોલી, H.S.C. કોમર્સ ૬૪.૬૨% ગુણાંક) ને **શીવશંકર શોભારામ જોષી પારિતોષક**

૨૨) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) કોમર્સમાં વિદ્યાર્થી બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **કુ. માનસી નયના જયેશ સવિતાનારાયણ જપી** (પ્રેમપુર, H.S.C.કોમર્સ ૫૮.૮૬% ગુણાંક)ને **જીવીબેન શીવશંકર જોષી પારિતોષક**

૨૩) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) સાયન્સ (વિજ્ઞાન) પ્રવાહમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક

## શતં જીવંત શરદઃ



# B.U.Bhatt

**માઈ ભક્ત ધનવન્તર ના વશંજ**

B.U.Bhatt ભાઉ નાં નામે પણ ઓળખાય છે. એમના જીવનનું કવન એટલે નિખાલસતા, નિસ્વાર્થ સાત્વિક ભક્તિમય જીવન. શ્રી ધન્વતરે લખેલ માતાજીનો થાળ એમનાં મુખે જ્યારે માતાજીની ભક્તિમાં લીન થઇ ગાય એ સાંભળવો એક લ્હાવો છે. એમનાં કુટુંબમાં મા બાળા ત્રુપુરાં સુંદરી ના સદૈવ આર્શીવાદ છે. ૫ નવેમ્બર ના દિવસે ૭૮ માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે શ્રી સ.સા.ઔ.બ્ર.સમાજ ટ્રસ્ટ, શ્રી સર્જન યુવક સંઘ, શ્રી સત્તાવીસ સાબરકાંઠા નવદુર્ગા મંડળ, શ્રી ઉત્કર્ષ મહિલા મંડળ નાં તમામ સભ્યો એમનાં જન્મદિવસે શત શત શુભેચ્છા અભિવ્યક્ત કરે છે.

આજીવન સમાજની સંસ્થાઓમાં પોતાની સેવા આપતા સદા કાર્યરત રહે એ જ અમારી અભિલાષા

**સર્વે સંસ્થાના સભ્યોની શુભેચ્છા**
**શ્રી સત્તાવીસ સાબરકાંઠા**
**ઔદિચ્ય બ્રહ્મોદય સમાજ ટ્રસ્ટ**
**શ્રી સત્તાવીસ સાબરકાંઠા નવદુર્ગા મંડળ**
**શ્રી સર્જન યુવક સંઘ**
**મહિલા ઉત્કર્ષ મંડળ**

મેળવનાર **શ્રી ધ્રુવ ભારતી અમીત જયંતિલાલ પંડયા** (જામળા, **H.S.C.**સાયન્સ, ૭૭.૬૯% ગુણાંક) ને **જયેશ કિરણચંદ્ર ત્રિવેદી - સાંકુબેન ચુનીલાલ ત્રિવેદી પારિતોષક**

૨૪) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) ના સાયન્સ સ્ટ્રીમ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં Maths ગણિત વિષયમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **કુ. નીરજા જલ્પા જીગ્નેશ જીતેન્દ્રભાઇ શાહ** (આગલોડ-મુંબઈ, **I.C.S.E.,Maths,**૯૫.૦૦% ગુણાંક)ને **ઉપેન્દ્રભાઈ મુળજીરામ જોષી પારિતોષક**

૨૫) **H.S.C.**(હાયર સેકંડરી - સેન્ટ્રલ બોર્ડ) English માં વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **કુ.નીરજા જલ્પા જીગ્નેશ જીતેન્દ્રભાઇ શાહ** (આગલોડ-મુંબઈ, **I.C.S.E., English,** ૮૯.૦૦%ગુણાંક)ને **ભરતભાઈ વિઠ્ઠલદાસ પાઠક પારિતોષક**

૨૬) ગ્રેજ્યુએશન (**Except B.A., B.Com., B.Sc., B.E., B.Tech.,**) માં વિદ્યાર્થી ભાઈઓમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **શ્રી ડૉ.મીતુલ સોનલ અતુલ ભાનુપ્રસાદ દવે** (પ્રેમપુર-ભુજ, **B.M. & B.S., M.B.B.S.** )ને **દયાશંકર શોભારામ જોષી પારિતોષક**

૨૭) ગ્રેજ્યુએશન (**Except B.A., B.Com., B.Sc., B.E., B.Tech.,**) માં વિદ્યાર્થીબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **કુ. વૈભવી મહેશ્વરી નૈનેશ જયદેવભાઇ પંડયા** (કડોલી, **B.C.A. , CGPA** ૮.૮૯ ગુણાંક) ને **નર્મદાબેન જેઠીરામ વ્યાસ પારિતોષક**

૨૮) **B.Sc.**,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **કુ.રીધ્ધી મીરા મનીષ દીલીપભાઇ જોષી** (મોયદ, **B.Sc., Biotechnology CGPA** ૭.૫૧) રૂા.૫૦૧/- નું **મંજુલાબેન રમેશભાઈ જપી પારિતોષક**

૨૯) **B.A.**,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **સુશ્રી આરતી જનક અનિલભાઇ જપી** બેરણા-પ્રેમપુર, **B. A.** ૬૧.૩૮% ગુણાંક) ને રૂા.૫૦૧/- નું **શાંતાબેન રમણિકલાલ જોષી પારિતોષક**

૩૦) **B.Com.**,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **કુ.હર્ષીકા જાગૃતી ભાવેશ રામશંકર પંડયા** (કડોલી, **B.Com.**૮૪.૭૧% ગુણાંક ) ને રૂા.૫૦૧/- નું **ચંદ્રીકાબેન પુરૂષોત્તમદાસ ઉપાધ્યા પારિતોષક**

૩૧) **B.E., B.Tech.**,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર **શ્રી નીસર્ગ અર્ચના સમીર કાન્તીલાલ ઠાકર** (સાચોદર, **B.E.(Elect.Comm.) CGPA** ૮.૩૧) ને **ભરતભાઈ નારાયણદાસ જપી પારિતોષક**

૩૨) **M.Com.**,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર સ્પર્ધક ન હોવાથી **મીરાતબેન વિઠ્ઠલરામ ભટ્ટ પારિતોષક** આપી શકાતું નથી

૩૩) **M.Sc.**,માં વિદ્યાર્થીભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર સ્પર્ધક ન હોવાથી **ચંચળબેન બાબુલાલ જોષી પારિતોષક** આપી શકાતું નથી

૩૪) **Post Graduation (M.A., M.Com., M.Sc.)** માં વિદ્યાર્થી ભાઈબહેનોમાં સર્વાધિક ગુણાંક મેળવનાર સ્પર્ધક ન હોવાથી આપી શકાતું નથી **પંકજ મનુભાઈ જપી પારિતોષક** અને

૩૫) **H.S.C.**,હાયર સેકંડરી (૧) વિદ્યાર્થીભાઈઓમાં (૨) વિદ્યાર્થી બહેનોમાં ૭૦ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીભાઈઓ (૧) **શ્રી ધ્રુવ ભારતી અમીત જયંતિલાલ પંડયા** (જામળા, **H.S.C.**૭૭.૬૯% ગુણાંક) અને (૨) **શ્રી વિનય કવિતા ભૂપેન્દ્ર કિર્તીભાઇ ઉપાધ્યાય** (જામળા, **H.S.C.**૭૦.૮૬% ગુણાંક ) ને સંયુક્તપણે રૂા.૫૦૧/- અને વિદ્યાર્થીબહેનોમાં **કુ. નીરજા જલ્પા જીગ્નેશ જીતેન્દ્રભાઇ શાહ** (આગલોડ-મુંબઇ, **I.C.S.E.**૯૦.૩૩% ગુણાંક) (૨) **કુ. ઉર્મી પૂર્વી હીરેન બચુભાઇ પાધ્યા** (જામળા,**H.S.C.** ૯૨.૪૦% ગુણાંક) (૩) **કુ. શીવાક્ષી કોમલ કિરણ દુર્લભરાય શાહ** (પ્રેમપુર **C.B.S.E.** ૭૨.૪૦% ગુણાંક) અને (૪) **કુ.વેરોનીકા અલકા અજીતકુમાર નાયર** (સંઘપુર-કલ્યાણ,૭૦.૧૫% ગુણાંક) ને સંયુક્તપણે વિદ્યાર્થીબહેનોને રૂા.૫૦૧/-**ગોમતીબેન ચુનીલાલ ઠાકર હસ્તે જશુમતીબેન સુમનભાઈ ઠાકર શિષ્યવૃત્તિ** એનાયત થાય છે.


**ભરત પટેલ**
M (O) 09586826814

**દેવાંગ પંડયા**
M (O) 9879034149

## જે.કે.એન્ટરપ્રાઈઝ

ઉત્પાદક : સ્ટીલ પાવડા, લોખંડ પાવડા

મુ.નવા સંઘપુર, તા. વિજાપુર, જિલ્લો : મહેસાણા. (ઉ.ગુ)
Email : dev_pandya1989@yahoo.com

## સરસ્વતી ગૌરવ

૩૬) પ્રોફેશનલ ડીગ્રી પ્રાપ્ત કરનાર પ્રત્યેકને **શારદાબેન વાસુદેવ જોષી સરસ્વતી ગૌરવ પારિતોષક,રેવાશંકર કેશવરામ જપી સરસ્વતી ગૌરવ પારિતોષક** અને **પદમાવતી અશ્વિનભાઈ ઠાકર સરસ્વતી ગૌરવ પારિતોષક** (૧) **શ્રી હીરલ સલોની જયેશ પ્રફુલ્લભાઇ ઠાકર** (પ્રેમપુર, C.A.) (૨) **શ્રી કૃણાલ સુધા ચિતરંજન પુંજીરામ વ્યાસ** (દાવડ,Certificate in Quantitative Finanace U.K.) (૩) **શ્રી સૌરભ કલ્પના ઇન્દ્રવદન દેવશંકર જોષી** (ઇલોલ, M.B.A.) (૪) **શ્રી ડૉ. ધ્રુવ ગીતા બીપીન અંબાલાલ ઉપાધ્યાય** (જામળા, M.D. Anaesthesia) (૫) **શ્રી ડૉ. મીતુલ સોનલ અતુલ ભાનુપ્રસાદ દવે** (પ્રેમપુર-ભુજ Bachelor of Medicines & Bacheleor of Surgery, M.B.B.S અને (૬) **સુશ્રી ધારા નીરવ અજય નીરંજન ઠાકર** (પ્રેમપુર, LL.B.) એનાયત થાય છે.

૩૭) આવેલ સુચનો-અનુમોદનો અનુસાર સન ૨૦૧૭માં સંગીતના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારને **નર્મદાશંકર બલદેવરામ રાવલ પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

૩૮) આવેલ સુચનો-અનુમોદનો અનુસાર વર્ષ ૨૦૧૭ દરમિયાનના શ્રેષ્ઠ વક્તાને **જશુમતીબેન સુમનભાઈ ઠાકર પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

૩૯) સન ૨૦૧૭માં ફીલ્મી ગીતો ઉપર આધારિત ન હોય એવા સ્વરચિત ભજનોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનારને અથવા કર્મકાંડમાં અગ્રીમ યોગદાન આપેલ હોય અથવા પદવી/ઉપાધિ મેળવનારને અથવા સંશોધન અથવા કોઈ પદવી/ઉપાધિ મેળવનારને **રાધેશ્યામ મહારાજ સ્મૃતિ પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

૪૦) આવેલ સુચનો-અનુમોદનો અનુસાર સન ૨૦૧૭ દરમિયાન પ્રગટ થયેલ સર્વ પદ્ય અને ગદ્યમાંથી શ્રેષ્ઠ પદ્ય અને શ્રેષ્ઠ ગદ્યને અલગ અલગ **રમણિકલાલ મણીલાલ જોષી પારિતોષક** સન ૨૦૧૭ પછી અપાશે.

**સર્વ પારિતોષિકો-શિષ્યવૃતિઓ - Awards**
**વિજેતાઓને ભાવભર્યા**
**અભિનંદન**
અને

### સુચના

**શ્રી સર્જન યુવક સંઘ તરફથી આ શૈક્ષણિક પારિતોષકો-શિષ્યવૃત્તિઓ**-Awards **વિજેતાઓ સર્વ-ભાઇ-બેહનોને તા.૨૬-૧૧-૨૦૧૭ ના રોજ** ગંગાબેન **જપી સભાગૃહ, બોરીવલી વેસ્ટ, મુંબઇમાં યોજાયેલ મહાસભા દરમિયાન સાંજે ૪ વાગે અપાશે અને આ શૈક્ષણિક** પારિતોષકો-**શિષ્યવૃત્તિઓ**-Awards **સ્વિકારવા વિનંતી છે. આ સભા પછી ઉપસ્થિત સહુને સ્વરૂચિ ભોજન** સાંજે સાથે લેવા વિશેષ **આમંત્રણ છે.**

## સંપર્ક સેતુ

**એડ્રેસ ડીરેક્ટરીની નવમી આવૃત્તિમાં**
**સુધારા-વધારા-ફેરફાર નીચે પ્રમાણે નોંધવા વિનંતી છે.**
**(૧૯)**

**૪૦૮ જોષી કિશોરભાઇ ચુનીલાલ**
**જોષી જનક કિશોરભાઇ - LM**
**જોષી દર્શના જનક - LM**
**જોષી રૂદ્ર જનક**
ભવ્ય દર્શન, વીંગ - A, ફલેટ નં. ૧૪૦૨, ચૌદમા માળે,તારાચંદ કંપાઉન્ડ, ડી.એન.સીંગ ક્રોસ રોડ નં.૩,હાથીબાગ,શેઠ મોતીશા લેન (લવ લેન) મઝગાંવ, મુંબઇ 400010

**૯૫૨ જપી નરેન્દ્રભાઇ અંબાલાલ LM**
**જપી ગાર્ગીબેન નરેન્દ્રભાઇ LM**
**જપી હર્ષ નરેન્દ્રભાઇ**
**(૨) મનુભાઇ એન્ડ કું.**
G-૪, કેપ્સ્ટોન, ચિરાગ મોટર્સની સામે,
શેઠ મંગલદાસ રોડ, એલીસબ્રીજ,
અમદાવાદ - 380006
ફોનઃ ઓફીસ (079) 26470000
ફેક્સઃ (079) 26470050

**૧૧૩૨A શુકલ ભરત નર્મદાશંકર** (જામળા )
ગૌતમ એપાર્ટમેન્ટ, વીંગ -C
ફલેટ નં ૨૮/૩૨, દામોદરવાડી, અશોકનગર,
કાંદીવલી (ઈસ્ટ), મુંબઈ - 400 101
ફોનઃ M (O) 98214 99301

### વિનંતી

આપશ્રી સર્જન યુવક સંઘ -પગથારના શુભેચ્છક દાતાઓને નમ્ર વિનંતી છે કે આપ શ્રી સર્જન યુવક સંઘના દેના બેંક, માઉન્ટ પોઈસર, બોરીવલી (વેસ્ટ), મુંબઈમાં સેવિંગ ખાતા નં. 048710006834, IFS Code : BKDN0460487 Core Banking દ્વારા આપની નજીકની દેના બેંકની બ્રાન્ચમાં રોકડ તથા ચેકથી દાન ભરી શકશો. આ દાન ભર્યા પછી તેની જાણ પત્ર દ્વારા અથવા 09867053517 મોબાઈલ દ્વારા SMS થી ચેક નંબર, બેંકનું નામ, રકમ અને તારીખ વિગેરે વિગતો જણાવવા વિનંતી છે. અથવા તે બેંક સ્લિપ સંસ્થાના કાર્યાલયમાં મોકલવા અથવા શ્રી સર્જન યુવક સંઘના E-Mail ID ઉપર મોકલશો. તે ઉપર ચેક નંબર, રકમ, તારીખ અને બેંકનું નામ લખવા વિનંતી છે.

## શતં જીવ શરદ:

**('સર્જન'ના સભાસદો અને /અથવા 'પગથાર'ના પેટ્રન-આધારસ્થંભ દાતા)**

| નામ | મુળવતન | જન્મ તારીખ | ફોન સંપર્ક |
|---|---|---|---|
| શ્રી નરેશભાઇ અંબાલાલ જપી | સાચોદર | ૧૧મી નવેમ્બર | (O) 9824052008 |
| સુશ્રી કૃપાબેન સુનીલભાઇ વ્યાસ | બેરણા | ૧૧ મી નવેમ્બર | (O) 9869132148 |
| શ્રી અમીત ભરતભાઇ ભટ્ટ | આગલોડ | ૧૧ મી નવેમ્બર | (02763) 283378 |
| સુશ્રી સંગીતાબેન રાજેશભાઇ ત્રિવેદી | મુંબઇ | ૧૧ મી નવેમ્બર | (022) 28959823 |
| સુશ્રી મીતલ ધવલ પંડયા | દાવડ-U.S.A. | ૧૨ મી નવેમ્બર | - |
| સુશ્રી મમતા મનોજ પંડયા | આગલોડ - મુંબઈ | ૧૨ મી નવેમ્બર | (O) 9821831703 |
| શ્રી પ્રજ્ઞેશ મહેશભાઇ જપી | પ્રેમપુર | ૧૩ મી નવેમ્બર | (02772) 232139 |
| શ્રી દિલીપભાઇ શંકરલાલ ભટ્ટ | આગલોડ | ૧૩ મી નવેમ્બર | (O) 9427006896 |
| સુશ્રી તૃપ્તીબેન પુરણભાઇ જપી | સાચોદર | ૧૩ મી નવેમ્બર | (0422) 2440897 |
| સુશ્રી જયાબેન હર્ષદભાઇ ભટ્ટ | બેરણા-અમદાવાદ | ૧૪ મી નવેમ્બર | - |
| શ્રી પાર્થીવ ગીરીશ પંડ્યા | સંઘપુર-મુંબઇ | ૧૪ મી નવેમ્બર | +16044464467 |
| શ્રી નીકેત વિનોદભાઈ જોષી | દાવડ | ૧૪ મી નવેમ્બર | - |
| સુશ્રી સ્વાતી ભદ્રેશ પરીખ | સંઘપુર-U.S.A. | ૧૪ મી નવેમ્બર | 9543448467 |
| સુશ્રી અનસૂયાબેન સુરેનભાઇ ઠાકર | પેઢામલી | ૧૫ મી નવેમ્બર | (022) 28931377 |
| સુશ્રી નીરંજનાબેન નવિનચંદ્ર ઉપાધ્યાય | જામળા | ૧૬ મી નવેમ્બર | (022) 26182892 |
| શ્રી હીરેન જીતેન્દ્રભાઇ જોષી | દેરોલ-ઇલોલ | ૧૭ મી નવેમ્બર | (O) 9892028571 |
| શ્રી રમેશભાઇ ગીરધરલાલ જપી | સાચોદર | ૧૮ મી નવેમ્બર | (O) 9444332693 |
| સુશ્રી ઉષાબેન હરેન્દ્રભાઇ જાની | દેરોલ | ૧૮ મી નવેમ્બર | (022) 23688453 |
| સુશ્રી સચી નચીકેત આચાર્ય | દેરોલ-U.S.A. | ૧૮ મી નવેમ્બર | 4252006891 |
| શ્રી કેયુર દિનેશભાઇ પંડ્યા | દેરોલ-મુંબઇ | ૧૯ મી નવેમ્બર | (O) 9967540507 |
| સુશ્રી દર્શના અભી દવે | પ્રેમપુર-મુંબઈ | ૧૯ મી નવેમ્બર | (022) 28951220 |
| શ્રી પ્રશાંતભાઇ કનૈયાલાલ વ્યાસ | એકલારા | ૨૦ મી નવેમ્બર | (O) 9825896094 |
| શ્રી યજ્ઞેશભાઇ હસમુખલાલ પાઠક | ખેડાવાડા | ૨૦ મી નવેમ્બર | (O) 9429457341 |
| શ્રી પરિક્ષિત મહેશભાઈ જોષી | દાવડ | ૨૦ મી નવેમ્બર | (O) 9427625474 |
| શ્રી નચીકેત જ્યોતિન્દ્ર આચાર્ય | દેરોલ-U.S.A. | ૨૧ મી નવેમ્બર | 4252006891 |
| સુશ્રી જસ્મીના વિકાસ ભટ્ટ | દાવડ-મુંબઈ | ૨૧ મી નવેમ્બર | (022) 25654630 |
| શ્રી નંદીપ દીપકભાઈ પાઠક | ખેડાવાડા | ૨૧ મી નવેમ્બર | (022) 28962640 |
| સુશ્રી સ્મિતાબેન ગીરીશભાઇ ગોર | પ્રેમપુર-મુંબઇ | ૨૩ મી નવેમ્બર | (022) 25080186 |
| શ્રી રતીલાલ શીવશંકર પાઠક | ખેડાવાડા | ૨૩ મી નવેમ્બર | (O) 9821665666 |
| શ્રી જગતભાઇ અંબાલાલ જપી | સાચોદર | ૨૩ મી નવેમ્બર | (079) 40048624 |
| શ્રી હેતાભ જયેશ ઠાકર | પ્રેમપુર | ૨૪ મી નવેમ્બર | (022) 28937878 |
| શ્રી હીરલ જયેશ ઠાકર | પ્રેમપુર | ૨૪ મી નવેમ્બર | (022) 28937878 |
| શ્રી મનીષ રમણિકલાલ જોષી | દાવડ | ૨૫ મી નવેમ્બર | (O) 9146251835 |
| સુશ્રી બીજલ પ્રિતેષ પંડયા | જામળા-અમદાવાદ | ૨૬ મી નવેમ્બર | - |
| સુશ્રી રાજશ્રી ચીંતન મહેતા | જામળા-મુંબઈ | ૨૭ મી નવેમ્બર | (O) 9979853139 |
| શ્રી દેવેન્દ્ર નંદલાલ જોષી | મોયદ | ૨૭ મી નવેમ્બર | (O) 9429086947 |
| શ્રી રાકેશભાઇ નટવરલાલ જોષી | હિંમતનગર | ૨૮ મી નવેમ્બર | (02772) 232088 |
| શ્રી દિલિપભાઇ ગિરજાશંકર રાવલ | પ્રેમપુર | ૨૮ મી નવેમ્બર | (02772) 234563 |
| શ્રી ચંદ્રકાન્ત દેવશંકર જોષી | ઇલોલ | ૨૯ મી નવેમ્બર | (O) 9833629322 |
| શ્રી અન્વેશ સતીષભાઇ જોષી | આગલોડ | ૨૯ મી નવેમ્બર | (O) 9869181866 |
| શ્રી પ્રકાશભાઇ કિરણચંદ્ર પાઠક | ખેડાવાડા | ૨૯ મીનવેમ્બર | (O) 9427698580 |
| શ્રી રાજેન્દ્રભાઇ ઉમીયાશંકર જોષી | પ્રેમપુર | ૨૯ મી નવેમ્બર | (O) 9428543741 |
| શ્રી ભાર્ગવ હરેન્દ્રભાઇ જાની | દેરોલ | ૩૦ મી નવેમ્બર | 9085102705 |
| સુશ્રી કાનન ચીરાગ ઠાકર | પ્રેમપુર-વિરાર | ૧લી ડીસેમ્બર | (O) 8007776879 |
| શ્રી ગોર બીપીનચંદ્ર પ્રહલાદભાઈ | મુંબઈ | ૧લી ડીસેમ્બર | (O) 9869451453 |
| શ્રી કૌટીલ્ય ભાનુશંકર ભટ્ટ | આગલોડ | ૨ જી ડીસેમ્બર | (O) 9320474094 |
| શ્રી ચિતરંજન પુંજીરામ વ્યાસ | દાવડ | ૩ જી ડીસેમ્બર | (O) 9820427100 |
| સુશ્રી રૂપાલી જાગૃત જાની | દેરોલ | ૪ થી ડીસેમ્બર | (O) 9221263840 |
| સુશ્રી સજજનબેન સુમંતલાલ રાવલ | આગલોડ | ૪ થી ડીસેમ્બર | (022) 26243687 |
| શ્રી નીલાંગ મહેન્દ્રભાઇ જોષી | આગલોડ | ૫ મી ડીસેમ્બર | (O) 9819756265 |
| સુશ્રી મહેશ્વરી દીલીપભાઈ વ્યાસ | સાચોદર-અમદાવાદ | ૫ મી ડીસેમ્બર | (079) 27496739 |
| શ્રી હરેન્દ્રભાઇ ડાહ્યાભાઇ જાની | દેરોલ | ૭ મી ડીસેમ્બર | (022) 23688453 |
| શ્રી વ્યાસ વિશાન્ત રજનીકાન્ત | દાવડ | ૭ મી ડીસેમ્બર | (O) 9870769577 |
| શ્રી રાકેશ જ્યંતિલાલ ઉપાધ્યાય | જામળા | ૯ મી ડીસેમ્બર | (O) 9067625920 |
| શ્રી કુશ ઉદયકુમાર પુરાણી | જામળા-વડોદરા | ૯ મી ડીસેમ્બર | (O) 9924962325 |
| સુશ્રી પુજા ચૈતન્ય ભટ્ટ | પ્રેમપુર-મુંબઈ | ૯ મી ડીસેમ્બર | - |
| શ્રી જેસન હરેશભાઇ ઠાકર | પ્રેમપુર | ૧૦ મી ડીસેમ્બર | + 64210614480 |
| સુશ્રી સોનીયા ઉદયભાઇ જોષી | દેરોલ | ૧૦ મી ડીસેમ્બર | (079) 65315447 |

**આપ સર્વ ભાઈ-બહેનોને આ જન્મ દિવસે સુખ, આનંદ, નીરોગી, આયુષ્ય અને સમાજમય જીવન સાંપડો એ શુભેચ્છાસહ અભિનંદન**

*('સર્જન' ના સભાસદો અને/અથવા પેટ્રન-આધારસ્થંભ દાતાના નામો અંહી પ્રગટ થાય છે પણ જેઓના નામ આ વિભાગમાં પ્રગટ થયા નથી તેઓએ તેમના નામ અને જન્મ તારીખ અમને તુરંત જણાવવા વિનંતી છે આ વિભાગમાં હવે '**સર્જન' ના સભાસદો**ના અને/અથવા '**શ્રી સર્જન યુવક સંઘ' ના પેટ્રન-આધારસ્થંભ દાતાઓ**ના **નામ-ગામ અને જન્મતારીખ પ્રગટ થાય છે.** શ્રી સર્જન યુવક સંઘના પેટ્રન થવા માટે રૂા.૫૦૧/- કે તેથી વધુ દાન મોકલવા અને જન્મતારીખ જણાવવા વિનંતી છે.)*

## સુના જગતમાં

ખીલીને પુષ્પો હસે વનમાં,
ખીલીને ચંદા હસે ગગનમાં,
અનંત ભરા નભ હસે છે,
નયનની જ્યોતિ હસે, નયનમાં.
રાત્રી હસે છે વિદ્યુતની સાથે,
ઉષા હસે છે વિમળ પ્રભાતે,
રૂદન રહ્યાં છે હાસ્યની પાછળ,
વિકાસ પાછળ વિનાશ આવે,
છતાં ફૂલોથી હસે મનુષ્યો
વિધી એ જોઇ હસે છે મનમાં,
સુખી નહીં હું, દુ:ખી નહીં હું
હસુ હું કોને સૂના વચન જગતમાં.

**વચન**

દુ:ખ લાગ્યું દિલમાં,
એ રૂઝાશે નહીં,
જીવ બળશે ને જ્વાળા દેખાશે નહીં,
પ્રાણ મરતા સુધી એ ભુલાશે નહીં,
સર્પે ડંખ ઉતરે કદી
વિંછી ડંખ ભૂલાય.
પણ વચન ડંખ્યા હોય તે,
ઝેર થકી નવ જાય.

**-મંજુલાબેન વાસુદેવ વ્યાસ**

## સત્ય

કેટલા વાઘા સતત બદલતા રહ્યા જીવતરમાં
પ્રભુ થઇ બેઠા કેટલાય ઢોંગી ધુતારા
આ સત્ય આપણી મૂર્ખતાનો પરીપાક છે
છતી આંખે બંધ આંખો કરી
આપણે બેસી રહ્યા
સંસાર ચાલે છે, આ કુદરતની કરામાત છે.
જીવનને સતત ટકાવા માનવને આધાર
આપ્યો છે
અમે ભૂલી ગયાં, માનવને ભગવાને બનાવ્યો છે
ભૂલોની પરંપરા, આપણી મુર્ખાઇઓ ચાલે છે.
ક્યાં સુધી ભટકશું આપણે
નવા અવતારો બનાવીને
જરા જાગો ભીતર મહીં તે ઠાઠથી બિરાજતો
ભૂલો આપણી, શ્રદ્ધા તો અંગત સોગાદ છે
આપણી લાલસાએ સુંદર મોહ ફેલાવ્યો છે.
ક્યાં સુધી બનાવશું
મીટ્ટીનાં માનવને, ભગવાન?
વિષચક્રને ભેદવાની જરૂરત છે, વિનોદ.....

**-વિનોદ કૃપાશંકર ભટ્ટ**



**દરેકને પ્રેમ કરો - તમને બમણો પ્રેમ મળશે.**

# આવજો, સુર્યકાન્તભાઈ...



## સુરજ સવારે ન ઉગ્યો

આપણા સહુના સ્નેહાળ સ્વજન સુર્યકાંતભાઇ પ્રહલાદજી પંડયાની કાયમી વિદાયથી ફરી એકવાર Great Loss થયો છે. જીવન વ્યવહારમાં નિખાલસતા અને વિવેકનો સંગમ, સ્વજન સાથે આત્મીયતાનો સંબંધ અને સૌજન્યશીલ દામ્પત્ય એટલે જ શ્રી સુર્યેકાંતભાઇ પંડયા અને શ્રીમતી આંનદીબેન પંડયા. કાર્યમાં નિષ્ઠા, જવાબદારીમાં જાગરૂક્તા અને જીવનમાં વ્યવહારિકતાનાં દર્શન આપણને સદા આ દંપતીમાં થયાં છે. સામે ચાલીને જવાબદારી સ્વિકારવાની અદમ્ય તત્પરતા અને સ્વિકારેલ જવાબદારી ચીવટપૂર્વક નિભાવવાની ચોકસાઇ ધરાવનાર વ્યક્તિ એટલે જ શ્રી સુર્યેકાતભાઇ. તેઓ આપણા પરિવારની વિવિધ સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલ હતા અને હાથમાં લીધેલ કાર્યો સફળતાપૂર્વક પાર પાડવામાં નિપુણ હતા. સુર્યકાંતભાઇની વ્યવહારિક્તા અને કાર્ય કુશળતા ઉડીને આંખે વળગે તેવી છે. એમણે સમાજ ટ્રસ્ટના હિતને સર્વદા પ્રાધાન્ય આપ્યું છે અને સમાજ પરિવારની ભાવી પેઢી માટે સદા ચિંતા કરતા હતા. તેઓ શ્રી સર્જન યુવક સંઘના શુભેચ્છક, મિત્ર અને હમદર્દ હતા. સર્જન પગથારની લગભગ બધી પ્રવૃતિઓમાં ઉલટાભેર સહભાગી થતા તેમાં ઓતપ્રોત થતા અને આર્થિક સહકાર આપવા - અપાવવા સહેજે પાછી પાની તેમણે કરી નથી.

સર્વોદય સેવાદળના સ્થાપક સભ્યોમાંને એક, શ્રી સ.સા.ન. મંડળના કાર્યવાહક અને ટ્રસ્ટી અને શ્રી સ.સા.ઔ.બ્ર. સમાજ ટ્રસ્ટમાં કાર્યવાહક અને ટ્રસ્ટી તરીકેની કપરી કામગીરી તેમણે જાગૃત રહી નિભાવી છે અને એ કામગીરીનાં આજે કેટલાક એમના જીવંત સ્મારકો છે સન ૧૯૯૮માં એમના માર્ગદર્શનથી જ શ્રી સર્જન યુવક સંઘે સાચોદરમાં સમુહનો અવસર યોજ્યો હતો . આ અવસરમાં યુવકો યુવતીઓને ચાર લગ્નના સંસ્કાર અને અગિયાર બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે સાચોદરમાં અપાયા હતા. આ અવસરમાં સન ૧૯૯૮ પંચ્યાશી / નેવું હજારનું દાન એમણે વિવિધ નામેથી આપ્યું હતું...અપાવ્યું હતું. એ ઉપરાંત પગથાર અસ્ખલિત સતત એકધારૂં ચાલુ રહે એ માટે પગથાર નીભાવ ફંડનો એમણે પ્રારંભ કરાવ્યો હતો પગથાર નિભાવ ફંડમાં સંસ્થાને આશરે રૂા. દોઢ લાખ ત્યારે એકઠા થયા હતા. શ્રી સર્જન યુવક સંઘ તરફથી થોડા વર્ષ પહેલા પ્રગટ થયેલ સંપર્ક સેતુ એમના વરદ હસ્તે વિનોચન થયું હતું.

શ્રી સુર્યકાંતભાઇ સમાજ ટ્રસ્ટ, નવદુર્ગા મંડળ અને સર્જન પગથારની સેવા ઉપરાંત જગદંબા માતાના પણ પરમભક્ત હતા. મુંબઇમાં તેમના નિવાસસ્થાનના પરિસરમાં જગદંબા માતાનું મંદિર પણ તેમના સહયોગથી જ બન્યું છે આવા જગદંબાના ઉપાસક સુર્યકાંતભાઇ સાચોદરમાં સન૧૯૯૮ માં શ્રી સર્જનયુવક સંઘના ઉપક્રમે યોજાયેલ સમુહ લગ્ન - યજ્ઞોપવિત્ અવસરના સ્વાગત અધ્યક્ષ હતા અને એ સર્જન -પગથાર માટે ગૌરવપ્રદ પ્રસંગ હતો. યજ્ઞોપવિત સંસ્કાર પામેલા બટુકો અને લગ્નના સંસ્કાર પામેલા નવદંપતિને એમના આશીષ સાંપડયા એનો આનંદ આજે પણ અમને છે. સુર્યકાંતભાઇને આનંદીબેનનો સુમેળભર્યો સંગાથ સાંપડયો હતો અમેની આગોતરી કાયમી વિદાય અને પુત્ર નયનની એકાએક અકાળે કાયમી વિદાય સુર્યકાંતભાઇ માટે અને એમના પરિવાર માટે Great Loss હતો/ છે. સુર્યકાંતભાઇની હમણાંની કાયમી વિદાય એમના પરિવારે રાહબર અને શિરછત્ર ગુમાવ્યું છે. એમના સંતાનો ભરત અને અંજના ઉપર અને કુટુંબીજનો ઉપર પણ Great Loss આવ્યો છે. આ દુ:ખને સહન કરવાની શક્તિ પ્રભુ એમને અર્પે તેવી અંત:કરણપૂર્વકથી સહુની પ્રાર્થના છે અને સાંત્વનાં છે. સપ્તર્મી મિત્રોએ એક મિત્ર ગુમાવ્યો છે.

આવજો, સુર્યકાન્તભાઇ.... સંઘર્ષથી લઇને સફળતાના તમો સાક્ષી રહ્યા. માત્ર સાક્ષી જ નહીં, મુંઝવણ વખતે તમો પડખે ઉભા રહ્યા ને એક વડીલને છાજે એ રીતે તમો માગદર્શક બન્યા. પગથાર ના એક અચ્છા મિત્ર હતા. આજે અહી “આવજો, સુર્યકાંતભાઇ”કહેતાં ખિન્ન થવાય છે. કુદરતના શિરસ્તા પ્રમાણે ભલે તમારી જીવનયાત્રા થંભી ગઇ- સર્જન યાત્રા થંભી ગઇ પરંતુ તમારી યાદ-સ્મૃતિ સદાય પ્રસરતી રહેશે.



સન૧૯૯૮માં શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે સાચોદરમાં યોજાયેલ સમુહના અવસરના સ્વાગત દંપતિ શ્રી સુર્યકાન્ત પ્રહલાદજી પંડયા અને સૌ.આનંદીબેન સુર્યકાન્ત પંડયા

## શ્રી સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રહ્મોદય સમાજ ટ્રસ્ટ, મુંબઈ-હિમતનગર

સ્નેહી શ્રી ભરતભાઇ સુ. પંડયા, શ્રીમતી અંજનાબેન મહેશભાઇ જોષી તથા સર્વ કુટુંબીજનો.

આપણી સંસ્થાના ઉપક્રમે, આપણા સહુના આદરણીય સ્વજન, સમાજ ટ્રસ્ટના માજી મેનેજીંગ ટ્રસ્ટી તથા અન્ય મહત્વના પદાધિકારી રહી સમાજ સંસ્થાની બહુ મલ્ય સેવા કરનારા આપ સહુના પિતાશ્રી શ્રી સુર્યકાંત પ્રહલાદજી પંડયાના સ્વર્ગવાસ બદલ એમના જીવન અને કથનને સન્માનવા, શ્રધ્ધાંજલી અર્પવા આજે ગુણાનુવાદ / શ્રધ્ધાંજલી સભા યોજાયેલ છે. આ સભામાં સર્વાનુમત્તે આ ઠરાવ મંજુર કરવામાં આવ્યો છે.

આપણા શ્રી સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રહ્મોદય સમાજ ટ્રસ્ટના ભુતપૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી તથા અન્ય મહત્વના પદાધિકારી રહી અનેક વર્ષો સુધી નિષ્ઠાપુર્વક સેવા કરી ચુકેલા, સમાજ ટ્રસ્ટના શુભેચ્છક આપણા સહુના આદરણીય સેવક અને સ્વજન શ્રી સુર્યકાંત પ્રહલાદજી પંડયાના સ્વર્ગવાસ બદલ યોજાયેલ આજની સભા, ઉંડા શોક અને દુઃખની લાગણી અનુભવે છે અને તેઓને ભાવાંજલી અર્પે છે. તદ ઉપરાંત સદ્‌ગતે સુર્યાનંદ ટ્રસ્ટ ની સ્થાપના કરી જ્ઞાતિજનો તથા ગામડાઓમાં અને આદિવાસી કલ્યાણ માટે તન, મન, ધનથી સેવાના ઉત્તમ કાર્યો કર્યા હતા. પાછલું જીવન એમના બિલ્ડીંગમાં સ્થાપેલ મા અંબામાતાની સેવાઓમાં ગુજાર્યું હતું. સમાજની બીજી સંસ્થાઓ તથા વતન કે મુંબઇના બીજી સંસ્થાઓમાં વિવિધ રૂપે એમણે સેવાઓ આપી હતી. સમાજ સંસ્થા હંમેશા એમના આવા સેવાની કાર્યોને યાદ રાખશે.

આજની આ સભા સ્વ. શ્રી સુર્યકાંતભાઇ પ્રહલાદજી પંડયાને ભાવથી યાદ કરી એમના આત્માની પરમશાંતિ અર્પે સદૈવ પ્રાર્થના કરે છે. પરિવારના રાહબર અને શિરછત્રને ગુમાવવાનું દુઃખ એમના સંતાનો અને કુટુંબીજનો પર આવી પડયું છે પણ આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રભુ એમને અર્પે એવી ભાવભરી અને અંતઃકરણ પૂર્વક પ્રાર્થના આ સભા કરે છે.

-**શ્રી વિનાયકભાઇ રામશંકર પંડયા,** પ્રમુખ

**શ્રી સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રહ્મોદય સમાજ ટ્રસ્ટ, મુંબઈ-હિમતનગર**

## શ્રી સત્તાવીસ સાબરકાંઠા નવદુર્ગા મંડળ, મુંબઈ

સ્નેહી શ્રી ભરતભાઇ સુ. પંડયા, શ્રીમતી અંજનાબેન મહેશભાઇ જોષી તથા અન્ય કુટુંબીજનો.

આપણી સંસ્થાના ઉપક્રમે, આપણા સહુના માઇભક્ત, આદરણીય સ્વજન, નવદુર્ગા મંડળના મહત્વના પદાધિકારી રહી સંસ્થામાં યુવાનીથી લઇ આમરણાંત બહુમુલ્ય સેવા આપનાર આપ સહુના પિતાશ્રી શ્રી સુર્યકાંત પ્રહલાદજી પંડયાના સ્વર્ગવાસ બદલ શ્રધ્ધાંજલી અર્પે છે.

સત્તાવીસ સાબરકાંઠા નવદુર્ગા મંડળમાં જીવનના અંત પ્રર્યન્ત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કાર્યરત રહ્યા હતા. નવદુર્ગા મંડળ અમેને શ્રધ્ધાંજલી વ્યક્ત કરે છે. માતાજીની કૃપાથી એમને હંમેશા મા ફુલગલીવાળામાં શ્રધ્ધા રાખી મંડળને માર્ગદર્શન આપ્યું હતું. માતાજીની છડી અને નાની ગરબીઓ ગવડાવવાનો એમનો પહાડી અવાજ હંમેશા કાનમાં ગુંજતો રહેશે.

જીવનના અંતિમક્ષણો સુધી આ પ્રખર માઇ ભક્તે માતાજીની સેવા કરી છે. જેની નોંધ મંડળના સર્વે પદાધકિારી તથા માઇભક્ત લઇ તેમને શ્રધ્ધાંજલી અર્પણ કરે છે.

**- શ્રી ધર્મેન્દ્રભાઇ અમૃતલાલ વ્યાસ**

પ્રમુખ, શ્રી સત્તાવીસ સાબરકાંઠા નવદુર્ગા મંડળ

## શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ

શ્રી ભરતભાઇ સુર્યકાંત પંડયા

સુશ્રી અંજના મહેશભાઇ જોષી

મુંબઇ

ભાઇશ્રી, બહેનશ્રી,

નમસ્કાર

સુર્યકાંત પ્રહલાદજી પંડયા, તમારા પિતાશ્રી, હવે આપણી વચ્ચે સદેહે નથી, સ્મૃતિશેષ રહ્યા છે. સુર્યકાંતભાઇને એમના જીવનમાં, પત્ની આનંદીબેન તથા દીકરા નયનની, મોટી ખોટ પડી હતી. ભરત અને અંજનાને અને એમના કુટુંબીજનોએ શિરછત્ર ગુમાવ્યું છે. આપણે સહુએ એક સ્નેહાળ સ્વજન ગુમાવ્યો છે. સપ્તર્ષી મિત્રોએ જીગરજાન મિત્ર ગુમાવ્યો છે.

શ્રી સર્જન યુવક સંઘે સમુહ અવસરોની શ્રૃંખલા સન ૧૯૮૫ થી શરૂ કરેલ અને એ શ્રૃંખલામાં પછી સન ૧૯૯૮ માં સાચોદરમાં આવો સમુહ અવસર ઉજવાયો. સન ૧૯૯૮માં ઉજવાયેલ આ સમુહ અવસરના સુર્યકાંતભાઇ આર્કિટેક્ટ હતા અને મુખ્ય દાતા પણ હતા ત્યારે આશરે રૂા.નેવું હજાર તેમને આ પ્રસંગે સંસ્થાને આપ્યા અને અપાવ્યા છે. તેઓ તરફથી નવદંપતિઓને તથા બટુકોને તેઓ તરફથી અભિનંદનભર્યા આશિષ સાંપડયા. એથી તે પ્રસંગને ગૌરવપ્રદ નિવડયું હતું. પગથાર માટે નિભાવફંડ એમણે જ શરૂ કરાવેલ ત્યારે સન ૧૯૯૮ માં આશરે રૂા. દોઢ લાખ પગથારના નિભાવ ફંડમાં એકઠા થયા હતા. સંપર્કસેતુની એક આવૃત્તિનું વિમોચન પણ એમના વરદહસ્તે જ થયેલું હતું આમ શ્રી સર્જન યુવક સંઘે એક સ્નેહાળ દાતા-સ્વજન ગુમાવ્યા છે. એમની મમતા અજોડ હતી અને તે કદાચ ભાગ્યેજ કોઇથી અનુભવાશે.

સુર્યકાંતભાઇના સર્વ કુટુંબીજનોને, શ્રી સર્જન યુવક સંઘ તરફથી ભાવભરી સાંત્વના અને એમના પવિત્ર આત્માને શાંતિ માટે અમો સહુ પ્રાર્થીએ છીએ.

**શ્રી અશોક રમણિકલાલ જોષી**

પ્રમુખ, શ્રી સર્જન યુવક સંઘ

જીવનલીલા સંકેલી લીધા બાદ પણ અન્યોની જીંદગીમાં દ્રષ્ટિથી પ્રકાશ રેલાવતા જવું એમાંથી મોટું ક્યું પુણ્ય હોઇ શકે?

**ચક્ષુદાન કરો અને એ પુણ્યના હકદાર બનો**

**દેહોત્સર્ગ**

આંખનું જતન કરો! મૃત્યુ બાદ ચક્ષુદાન કરો! પગથારમાં ચક્ષુદાતા/દેહદાતાની મરણનોંધ સાથે ચક્ષુદાતા/ દેહદાતાનો ફોટો પ્રગટ થાય છે.

'પગથાર' ની આ મરણનોંધમાં સ્વર્ગસ્થ સ્વજનના નામ સાથે સગપણ અને નામો પ્રગટ થાય છે. આવા નામો અને સગપણ 'પગથાર' ને ઈ-મેઈલથી તુરત જ જણાવવા વિનંતી છે જેથી શરતચૂક ન થાય. સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિમાં લખાણ, ફોટો અને નામ પ્રગટ કરવાના હોય તેઓએ સ્વર્ગસ્થનો ફોટો, નામ અને લખાણની વિગતો જણાવવા વિનંતી છે. આવા એક આખા પાનાના સ્મૃતિદાનના રૂા. ૧૫૦૦/- શ્રી સર્જન યુવક સંઘને આપવાના થશે.

❐ **સવિતાબેન ડાહ્યાલાલ પંડયા** (કડોલી, ઉ.વ. ૯૨, સ્વ. ડાહ્યાલાલ વેણીરામ પંડયાની પત્ની, ઉપેન્દ્રભાઇ, સુધાબેન પ્રવિણચંદ્ર ભટ્ટ (આગલોડ), સ્વ. હર્ષાબેન મહેશભાઇ પંડયા (પ્રેમપુર), ઉમેશભાઇ તથા સુશ્રી વંદનાબેન પંકજભાઇ રાવલ (ઇલોલ-પ્રેમપુર)ના માતા અને સ્વ. ડાહ્યાલાલ ગંગારામ જોષી, સ્વ. ફુલશંકર ગંગારામ જોષી, ચંદ્રકાન્ત ગંગારામ જોષી, સ્વ. ગોમતીબેન મણીલાલ મહેતા (ખેડાવાડા), સ્વ. ચંપાબેન ચુનીલાલ રાવલ (વજાપુર) તથા સ્વ. સમુબેન લાલશંકર જાની (દેરોલ) ના બહેન)નો વિરારમાં તા.૨૭.૯.૨૦૧૭ ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❐ **ઉષાબેન બટુકરાય વ્યાસ** (મહુવા, ઉ.વ. ૭૧, ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ, શ્રી મૌલિક પંકજભાઇ જપી (સાચોદર)ના સાસુ, સુશ્રી પીંકી હેમાંશુ સુરા (વિરપુરા) અને સુશ્રી અમિતા મૌલિક જપી (સાચોદર) ના મમ્મી)નો મુંબઇમાં તા. ૬.૧૦.૨૦૧૭ ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❐ **ભારતીબેન નરેન્દ્રભાઇ લાલાજી** (ખંભાત, ખંભાતી ગુર્જર વાણીયા, સ્વ.પ્રવિણાબેન તથા સ્વ. નવિનભાઇ ચુનીલાલ જોષી (આગલોડ) ની દીકરી સોનલ અમિત લાલાજીના સાસુ, અમિત, સોમેલ તથા સુશ્રી સેજલ રાજેશકુમાર શાહના મમ્મીનો વસઇમાં તા.૫.૧૦.૨૦૧૭ ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❐ **ભાવેશકુમાર વિજયકુમાર તન્ના** (ચભાડીયા ઉ.વ. ૪૬,ઘોઘારી લોહાણા, સુશ્રી કલ્પનાબેન તથા સ્વ. વિજયકુમાર વૃજલાલ તન્ના ના પુત્ર, સ્વ. કપીલાબેન તથા સ્વ. રજનીકાંત લાભશંકર જોષી (દાવડ) ની દીકરી વર્ષાના પતિ,અક્ષય તથા અવનીના પિતા)નો કલ્યાણમાં તા.૧૫.૧૦.૨૦૧૭ ના રોજ સ્વર્ગવાસ થયો છે.

❐ **સુર્યકાંત પ્રહલાદજી પંડયા** (જામળા ઉ.વ. ૮૫, આનંદીબેન ના પતિ, ભરત, સ્વ. નયન તથા સુશ્રી અંજના મહેશકુમાર જોષી (પીલુદ્રા) ના પિતા, સ્વ. શાંતાબેન તથા સ્વ. અંબાલાલ લજજારામ રાવલ (સાચોદર) ના જમાઇ, શ્રી સ.સા.ન. મંડળના પૂર્વ ટ્રસ્ટી, શ્રી સ.સા. ઔ.બ્ર. સમાજ ટ્રસ્ટના પૂર્વ ટ્રસ્ટી, શ્રી સર્જન યુવક સંઘ-પગથારના શુભેચ્છક દાતા અને સપ્તર્ષિ પરિવારના સહભાગી) નો મુંબઇમાં તા.૧૫.૧૦.૨૦૧૭ ના રોજ સ્વર્ગવાસ થયો છે.

**શ્રી સ.સા.ઔ. બ્ર.સમાજ ટ્રસ્ટ** તથા **શ્રી સર્જન યુવક સંઘ - પગથાર** સ્વર્ગસ્થોના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરે છે અને એમના સ્વજનોને સાંત્વના પાઠવે છે.

# સ્મરણાંજલિ



**સ્વ. સવિતાબેન ડાહ્યાલાલ પંડયા**
**કડોલી, ઉં.વ.૯૨**
**દેહોત્સર્ગ - તા. ૨૭-૯-૨૦૧૭**

**नैनं छिदन्ति शस्त्राणि नैनं दहति पावकः ।** **આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, અગ્નિથી બળતો નથી,**
**न चैनं कलेदयन्त्यापो न शोषयति मारूतः ।।** **પાણીથી ઓગળતો નથી અને વાયુથી ઉડી જતો નથી.**

આપનું વાત્સલ્ય અમારો પ્રાણ હતો, આપનો સંસ્કાર વારસો અમારી મુડી હતી
આપનો પ્રેમાળસ્વભાવ અમારી પ્રેરણા હતી, આપની ધાર્મિક-ભાવના અમારા આદર્શ હતો
આપનો આશીષ એ જ અમારી શક્તિ હતી, આટલુ અમે જાળવી શકીએ એજ શ્રધ્ધાંજલિ આપના અમો ઋણી છીએ .
સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં તેમજ પ્રાર્થના સભામાં સંકળાયેલા સર્વ આત્મિજનોએ અને મિત્રોએ રૂબરૂમાં તેટ જ ટેલીફોન કે પત્રથી અમારા કુંટુંબ પરિવારના દુઃખમાં સહભાગી થનાર અને સાંત્વના આપનાર સર્વનો પંડ્યા અને જોષી પરિવારનો અંતઃકરણપૂર્વક આભાર.

**સ્વ. ડાહ્યાલાલ વેણીરામ પંડયા**

| | |
|---|---|
| **ઉપેન્દ્રભાઇ ડાહ્યાલાલ પંડયા** | **રમીલા ઉપેન્દ્રભાઈ પંડયા** |
| **સુધાબેન પ્રવિણચંદ્ર ભટ્ટ** | **સ્વ.પ્રવિણચંદ્ર અંબાલાલ ભટ્ટ** |
| **ઉમેશ ડાહ્યાલાલ પંડયા** | **રક્ષા ઉમેશ પંડયા** |
| **સ્વ. હર્ષા મહેશ પંડયા** | **સ્વ. મહેશ કોદરલાલ પંડયા** |
| **વંદના પંકજ રાવલ** | **પંકજ વાસુદેવ રાવલ** |

**સંજય ડાહ્યાલાલ પંડયા**
તથા સમસ્ત પંડયા પરિવાર

| | |
|---|---|
| **અશ્વિન પ્રવિણચંદ્ર ભટ્ટ** | **જીજ્ઞાશા પરિક્ષિત જોષી** |
| **પંકજ પ્રવિણચંદ્ર ભટ્ટ** | **શીતલ ઉપેન્દ્રભાઈ પંડયા** |
| **ગાયત્રી જયેશ પંડયા** | **નીરવ ઉપેન્દ્રભાઈ પંડયા** |
| **વિભુતિ કૃણાલ ત્રિવેદી** | **એકલવ્ય મહેશ પંડયા** |
| **વિશાલ ઉમેશ પંડયા** | **ચિરાગ મહેશ પંડયા** |
| **અમીત ઉમેશ પંડયા** | **વિરલ પંકજ રાવલ** |

**તથા**
**સ્વ. ગંગારામ આત્મારામ જોષી**
આગલોડ, તથા સમસ્ત જોષી પરિવાર

## શ્રી સર્જન યુવક સંઘ સંજીવની (દેહોત્સર્ગ)

શ્રી સર્જન યુવક સંઘની સંજીવની યોજનાના સહભાગી **સુશ્રી ભારતીબેન નરેન્દ્રભાઈ લાલાજી** (આગલોડ-વસાઈ,સંજીવની સહભાગી ક્રમ : ૧૪૯) આપણે વચ્ચે હવે સદેહે નથી અને સ્મૃતિશેષ રહ્યા છે. સ્વ.કંચનબેનના નિયુક્ત સ્વજનને સંજીવનીના હાલના સર્વ સહયોગીઓનો ફાળો આ અગાઉ આપવામાં આવ્યો છે. અને સ્વ.મણીબેનનો સંજીવનીના હાલના સર્વ સહયોગીઓનો ફાળો શ્રી સર્જન યુવક સંઘમાં સદગતના નામના સહાય યોજના ફંડમાં ફેરવવામાં આવ્યા છે. તેથી સંજીવનીના હાલના સર્વ સહભાગીઓને તેઓ શ્રી સર્જન યુવક સંઘને તેમનો સંજીવનીનો ફાળો તુરંત મોકલવા વિનંતી છે. મુંબઈ, અમદાવાદ કે હિંમતનગરમાં આ રકમ "**શ્રી સર્જન યુવક સંઘ A/C સંજીવની**" ના નામથી તમારો ચેક અથવા રોકડા યુનીયન બેંક ઓફ ઈન્ડીયા, મંડપેશ્વર બ્રાન્ચ, બોરીવલી (વેસ્ટ), મુંબઈમાં સંસ્થાના સેંવિગ ખાતામાં ભરી શકાય છે. સંસ્થાનો સેંવિગ એકાઉન્ટ નંબર 355802010084654 છે. આ ચેક ભર્યા પછી તે બેંકની સ્લીપની પાછળ નામ, સરનામુ, રકમ, સહભાગી નંબર વિગેરે જણાવીને તે બેંકની સ્લીપ અમને મોકલવા વિનંતી છે. અથાવ તેનો ફોટો whatsapp મો.નં. 9867053517 ઉપર મોકલવા વિંનતી છે. આ ફાળો હિંમતનગરમાં શ્રી હરિહરભાઈ પ્ર. વ્યાસ (ફોન : 02772 - 232882) અથવા અમદાવાદમાં શ્રી બીપીનભાઈ અં. ઉપાધ્યાય (ફોન : M(O) 9724155316 ને ફાળો આપી શકાશે. દેહોત્સર્ગના ફાળાના રૂા.૧૫૦/- કે તેથી વધુ ફાળો જે સહભાગીઓના બાકી છે તેઓ સહુ આ યોજનામાંથી આપોઆપ ફારેગ થાય છે અને લાભાર્થી પણ નથી આ નોંધવા વિનંતી છે. જેઓનો સંજીવની ફાળો વધુ બાકી છે એ સહુએ આ ફાળો તુરંત આપવા ખાસ વિનંતી છે.

## શ્રી સર્જન યુવક સંઘ : સંજીવની :

શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે સન૨૦૦૪ માં સંજીવની યોજના શરૂ કરાઈ છે. આ સંજીવની યોજનામાં સંકળાયેલા સ્વજનના શ્વાસ અટકી જાય - સ્વજનનો દેહોત્સર્ગ થાય ત્યારે તેમના નિયુક્ત વારસદારને (૧) આપવાથી આપણને ગર્વ ન થાય (૨) લાભકર્તાને સંકોચ નથાય (૩) સંજીવની લેવાય પણ કરજ ન ચઢે (૪) મદદ લેવાથી/આપવાથી લાગણી મ દુભાય અને (૫) કોઈની પાસે આભારની ઉઘરાણી ન કરાય એવી આ સંજીવની સામાજીક સુરક્ષા યોજના છે. આ યોજનામાં સંકળાયેલ સહભાગીની કાયમની વિદાયથી એમના નિયુક્ત વારસદારને જે તે સમયનો એકત્રિત ફાળો પહોંચાડાય છે. આ યોજના એક ઉપયોગી સ્વરૂપની છે. સન ૨૦૦૪ માં શરૂ કરાયેલ આ યોજનામાંના કુલ ૫૨ સહભાગી સ્વજનોમાં કુલ રૂા.૫,૧૭,૦૬૦/- નું યોગદાન અત્યારસુધી અપાયેલ છે.

ઘણી સંસ્થાઓમાં એક યા બીજા સ્વરૂપે આ યોજના કાર્યરત છે એ રૂએ શ્રી સર્જન યુવક-સંઘનો આ નમ્ર પ્રયાસ છે અને **એથી જ આપ સહુ સ્વજનોને સંસ્થાની આ સંજીવની યોજનામાં સંકળાવા - સહભાગી થવા વિનંતી છે.** આ સંજીવની યોજનામાં સંકળાવા આપે પ્રવેશશુલ્ક રૂા.૫૦/- અને ત્રણ કે વધુ દેહોત્સર્ગનો આગોતરો સંજીવની ફાળો રૂા.૧૫૦/- કે વધુ એમ કુલ રૂા.૨૦૦/- થી વધુ ચેકથી કે રોકડાથી મોકલવાના છે. ચેક "**શ્રી સર્જન યુવક સંઘ A/C સંજીવની**" ના નામથી મોકલવા વિનંતી છે. આ સંજીવની યોજનામાં સંકળાયેલ સહભાગીના પ્રત્યેક દેહોત્સર્ગ પ્રસંગે રૂા.૫૦/- નો સંજીવની ફાળો બાકીના સહભાગીઓએ આપવાનો રહેશે.

આ યોજનામાં અત્યારસુધી સંકળાયેલ સહભાગીઓનો સંજીવની ફાળો જેઓનો બાકી છે તેઓ સહુએ આ બાકી ફાળો તુરંત જ મોકલવા ફરી વિનંતી છે.


શુભેચ્છા સહ...

**સ્વ. પરિમલ નાથાલાલ ભટ્ટ**

તાલુકા : વિજાપુર, જિલ્લા : મહેસાણા,
આગલોડ, ઉત્તર ગુજરાત

અનીરૂધ્ધ વા. જપી

**રસોઈ કામ માટે**
**જય અંબે કેટરર્સ**

M. (O) 9427803175
(O) 9725538987

લેબરથી તથા ડીસ કોન્ટ્રાક્ટથી રસોઈ બનાવનાર તથા રસોઈના વાસણો ભાડે આપનાર

**ઓફીસ : મેઈન બઝાર, જેતલપુર, તા.દ્રસકોઈ, જિ.અમદાવાદ 382426 ફોન : (079) 2909 4083 (C.T.M.)**
**ઘર : C-૩૦૧, શ્રીનંદ રેસીડેન્સી, રાધે બંગલોજ અને સદ્ગુરૂ બંગલોજની પાસે, ન્યુ મણીનગર, વડોદરા એક્ષપ્રેસ હાઈવે પાસે, (C.T.M.) અમદાવાદ 380026**

Posted at Malad N.D. Post Office, Mumbai - 400064.
Published On 2nd of every month
Positng on 3rd or 4th of every month

PAGHTAR (16)
November- 2017

R.N. 18727/69
Regd.No. MH/MR-NW-153/2017-19

**આપણા મંડળની ઓફીસે કવર મોકલતા ખાસ ધ્યાનમાં લેવા વિનંતી.....**

શ્રી સર્જન યુવક સંઘ, - મુંબઈ ઓફિસ ઉપર કવર મોકલો તો કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે. કારણકે જો ઓફિસ બંધ હોય તો કવર પાછું જવાની પુરી સંભાવના રહે છે. આપનું કવર મંડળને વ્યવસ્થિત મળે અને પાછું ન જાય તે માટે નીચે મુજબ એડ્રેસ લખી મોકલવા વિનંતી છે. કવર ઉપર ખાસ "DROP" લખવા વિનંતી છે.

**કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.**

**Website : www.pagthar.wordpress.com**

**E-mail : pagthar@yahoo.com or**

**sarjan.pagthar@rediffmail.com**

## પ્રેરણાસ્ત્રોત

બોલનારા અને સાંભળનારા માટે સમજદારી શેમાં છે ? વાંચો, આ સ્વયંસ્પષ્ટ કથા.

એક શિકારીની જાળમાં ચકલી ઉસાઇ. વિનવણી કરતા ચકલી કહેઃ મારા જેવી નાનકડી ચકલીને મારીને તને કેટલું ભોજન મળશે ? મને મુક્ત કરી દે. બદલામાં હું તને અમુલ્ય એવી ત્રણ વાત કહીશ, જેના પાલનથી તારું જીવન સુખમય બની જશે ?

શિકારીએ ચકલીને જાળમાંથી મુક્ત કરીને પોતાના જમણા હાથ પર રાખી. પહેલી બહુમુલ્ય વાત કરતાં ચકલી કહેઃ

જીવનમાં અસંભવ હોય એવી વાતનો ક્યારેય સ્વિકાર કરવો નહીં, પછી ભલે એ વાત કોઇ અંગત વ્યક્તિએ કહી હોય.

ચકલી શિકારીના ડાબા હાથ પર બેઠી ને બોલીઃ જીવનમાં ગુમાવેલી વસ્તુનો પસ્તાવો કરવો નહીં. એવું માનવું કે એ વસ્તુ તમારી પોતાની હતી જ નહીં. એટલું કહી ચકલી ઉડીને દીવાલ પર બેસી ગઇ શિકારી કહેઃ હવે તારી ત્રીજી વાત કહે.

ચકલી કહેઃ ત્રીજી વાત કહેતાં પહેલાં મારી રસ્યભરી એક વાત સાંભળ. મારા પેટમાં અડધા કિલો વજનનો એક હીરો છે, તે મને મારી નાખી હોત તો તને એ હીરો મળી જાત અને એ વેચીને તું ધનવાન બની ગયો હોત.

આઘાતનો માર્યો શિકારી રડવા જેવો થઇ ગયો ત્યારે ચકલી કહેઃ અરે, ગાંડા ! મારું વજન માંડ પચાસ ગ્રામ છે તો મારા પેટમાં અડધો કિલોનો હીરો કઇ રીતે હોઇ શકે ?

શિકારી કહેઃ ઓહ, હવે સમજી ગયો.... અસંભવ વાત પર વિશ્વાસ કરવો નહીં ને જે ખોયું એનો અફસોસ નહીં. અચ્છા, તો કહે ત્રીજી વાત...ચકલી કહેઃ મારી બે વાત તેં વિશ્વાસ મૂક્યો નથી તો ત્રીજી વાત તું ક્યાંથી માનીશ ? બોલનારાએ એ વિચારવું જોઇએ કે સાંભળનારો એની વાત સમજે છે કે નહીં. ટૂંકમાં, બોલો એની પાસે, જે તમારા શબ્દોનું મૂલ્ય સમજે !

આટલું કહીને ચકલી ઊડી ગઇ !

**- રાજુ અંધારિયા ('ચિત્રલેખા ના સૌજન્યથી)**

***અને છેલ્લે...***

સાંજ ઢળતી હોય ત્યારે, માથે હાથ ફેરવતાં ફેરવતાં, સાસરેથી આવેલી દીકરી આપણને કહે તમે ખૂબ થાકી ગયા છો. પપ્પા પાણી પીધુ ? થોડોક આરામ કરતા હો તો ? ત્યારે આપણે એકાએક સભાન થઇ જઇએ છીએ. ધીમે ધીમે હવે આપણી જ દીકરી આપણી મા બનતી જાય છે.

If undelivered return to:

**PAGTHAR**
**Gujarati - Monthly**
**SHRI SARJAN YUVAK SANGH**

6, Gurukrupa,
Dr. Mascarans Wadi, Nav Vikas Society,
Navagaon Tekri, Off Laxman Mhatre Road,
Dahisar (West), Mumbai - 400 068.

આ પગથાર પ્રકાશનમાં થતા લેખ દ્વારા વ્યક્ત અભિપ્રાયો પગથારના તંત્રી, મુદ્રક, પ્રકાશક કે માલિક સંમત છે એમ સ્વિકારવું નહીં. પગથાર - શ્રી સર્જન યુવક સંઘ સંબંધી વિવાદોનું ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. (Subject to Mumbai Jurisdiction) માલિક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગામ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિસર (વેસ્ટ), મુંબઈ - 400068 વતી તંત્રી-મુદ્રક-પ્રકાશક : શ્રી વિજય અમૃતલાલ વ્યાસે, લકી પ્રિન્ટર્સ, ૪૦ મહેતા ઈન્ડ. એસ્ટેટ, લીબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩, મલાડ (વેસ્ટ), મુંબઈ 400 064 માં છપાવી શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિંસર (વેસ્ટ), મુંબઈ - 400068 થી પ્રગટ કર્યું.Printed, Published & Edited by Shri Vijay Amratlal Vyas On behalf of Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr.Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar (West), Mumbai 400068, Printed at Lucky Printers, 40, Mehta Ind. Estate, Liberty Garden Cross Road No.3, Malad (W) Mumbai - 4000 64 & Published at Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr. Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar West, Mumbai 400 068 Editor Shri Vijay Amratlal Vyas.